RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 186* Date: 04.05.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના વોરિયર્સના સન્માનમાં સેનાની ત્રણેયની પાંખ દ્વારા સલામી અપાઇ

# કોરોના સંકટ: ૨૪ કલાકમાં ૮૩ના મોત, ૨૬૪૪ નવા પોઝિટિવ કેસ

*ન્યુ દિલ્હી,તા.૩*

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને રોકવા સમગ્ર ભારત આજથી લોકડાઉન-૩માં પ્રવેશી ગયું છે. ૧૭મે સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે તેમ છતાં દેશમાં કોરોનાના કેસો સતત વધી રહ્યાં છે. છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન વિક્રમજનક રીતે ૮૩ લોકો કોરોનાથી માર્યા ગયા છે. બીજી તરફ કોરોનાને હરાવવા લડી રહેલાં કોરોના વોરિયર્સ જેમ કે ડોક્ટરો-નર્સો અને અન્ય પેરામેડિકલ સ્ટાફના સન્માન માટે દેસના એરફોર્સ દ્વારા કોરોના હોસ્પિટલ પર હેલિકોપ્ટરો દ્વારા પુષ્પવર્ષા કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના જોમ અને જુસ્સાને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કુલ મામલા ૩૯૯૮૦ થઈ ગયા છે, જેમાં ૨૮૦૪૬ એક્ટિવ કેસ, ૧૩૦૧ લોકોના મોત અને ૧૦૬૩૨ લોકો ડિસ્ચાર્જ થઈ ગયા છે, રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલયે આ મમાહિતી આવી છે, ગત ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૨૬૪૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે અને સંક્રમણના કારમે ૮૩ લોકોના મોત થયાં છે. આ એક દિવસમાં સામે આવનાર કેસોમાંનો સૌથી વધુ આંકડો છે

ભારતમાં કોરોના સંક્રમણના મામલે મહારાષ્ટ્ર અને ગુજરાત સૌથી આગળ છે. મહારાષ્ટ્રમાં આ મહામારીથી પીડિતોની સંખ્યા ૧૧૦૫૬ છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના સૌથી વધુ ૪૮૫ લોકોના મોત થયાં છે. ગુજરાતમાં કોરોના સંક્રમણના ૪૭૨૧ મામલા સામે આવ્યા છે અને ૨૩૬ લોકોના મોત થયાં છે. જે બાદ દિલ્હીમાં ૩૭૩૮, મધ્ય પ્રદેશમાં ૨૭૧૯, રાજસ્થાનમાં ૨૬૬૬ અને તમિલનાડુમાં ૨૫૨૬ મામલા સામે આવ્યા છે.

દિલ્હીમાં સીઆરપીએફના વડમથક પર એક ડ્રાઈવરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ આ કાર્યાલયને સીલ કરવામાં આવ્યુ છે. અહીં ૪૦ અધિકારીને હોમ ક્વોરન્ટિન થવા માટે કહેવામાં આવ્યું છે. આ પૈકી એક સ્પેશ્યલ ડાયરેક્ટર જનરલ રેન્જના અધિકારી તથા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલનો સમાવેશ થાય છે.

બીજી બાજુ કોરોનાની તપાસમાં વધારે ગતિ આવી છે. RT-PCR કિટથીથી દરરોજ આશરે ૭૦ ટેસ્ટ કરવામાં આવે છે. શનિવાર સાંજ સુધીમાં ટેસ્ટનો આંકડો ૧૦ લાખને પાર થઈ ગયો છે. તેમા ૭૩ હજાર ૭૦૯ શુક્રવાર સવારે ૯ વાગ્યા બાદ કરવામાં આવ્યા. ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (ICMR)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૩૧ માર્ચ સુધીમાં ૪૭ હજાર ૮૫૨ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી. ૩૦ એપ્રિલ સુધીમાં આ સંખ્યા ૯ લાખ ૨ હજાર ૬૫૪ થઈ ગઈ છે. ૧ મેથી ૩ મેના સાંજ સુધીમાં આ આંકડો ૧ લાખ ૩૭ હજાર ૩૪૬ પહોંચી ગઈ છે.RT-PCR કિટમાં કોરોનાની તપાસ સ્વાબથી કરવામાં આવે છે.



દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૯ હજાર ૮૭૮ થઈ ગઈ છે. શનિવારે ૨૪૩૭ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. મહારાષ્ટ્રમાં ૭૯૦, દિલ્હીમાં ૩૮૪, ગુજરાતમાં ૩૩૩, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, પંતાબમાં ૧૮૭, રાજસ્થાનમાં ૧૦૬, મધ્ય પ્રદેશમાં ૭૩ દર્દી વધ્યા. તેના એક દિવસ અગાઉ દેશમાં સંક્રમણના ૨૪૧૧ કેસ સામે આવ્યા હતા. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકારો પાસેથી મળેલી માહિતી પ્રમાણે છે. આ ઉપરાંત કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં ૩૭ હજાર ૭૭૬ કોરોના સંક્રમિત છે. ૨૬ હજાર ૫૩૫ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. ૧૦ હજાર ૧૮ લોકોને સારું થઈ ગયું છે અને ૧૨૨૩ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૦૬૧ લોકોને હોસ્પિટલમાંથી રજા મળી છે. રિકવરી રેટ વધીને ૨૬.૬૫ ટકા થયો છે

કોરોના વોરિયર્સને સલામ આપવા આજે ભારતીય સેના, નૌસેના અને વાયુસેનાના જવાનો મળી કોરોના વોરિયર્સને સલામ કરી રહ્યા છે. જે અંતર્ગત ભારતીય સેનાના બેન્ડ ટૂકડીએ વિવિધ કોવિડ હોસ્પિટલોમાં વિશેષ ધૂન વગાડી, હેલિકોપ્ટર દ્વારા ફુલ વરસાવી કોરોના વોરિયર્સને સેલ્યૂટ કરવામાં આવ્યું હતું.સૌથી પહેલા રાજધાની દિલ્હીમાં આવેલ પોલીસ વૉર મેમોરિયલ પર સલામી આપવામા આવી હતી.. આ દરમિયાન પોલીસકર્મીઓનો આભાર પ્રકટ કરવા માટે વાયુસેનાના હેલીકોપ્ટરથી ફુલ વરસાવ્યા. જે બાદ રાજપથ પર વાયુસેનાના વિમાનોએ ફલાઈપાસ્ટ કરી હતી. . જ્યારે બીજી તરફ સવારે જેવા જ ૧૦ વાગ્યા ભારતીય સેના, વાયુસેના અને નૌસેનાના હેલીકોપ્ટર કોવિડ હોસ્પિટલો ઉપર પહોંચી ગયાં હતા. આ દરમિયાન તેમણે ફુલ વરસાવી ડૉક્ટર અને મેડિકલ સ્ટાફને સલામ આપી હતી.

આજે રાજ્યમાં 374 નવા કેસ
આજે મોત : 28, આજે રિકવર : 146
કુલ પોઝિટિવ: 5428, કુલ મોત : 290
અમદાવાદમાં 274, વડોદરામાં 25,
સુરતમાં 24, મહેસાણામાં 21,
મહીસાગરમાં 10, બનાસકાંઠામાં 7,
ગાંધીનગર, બોટાદ, દ્વારકામાં 3-3
નવા કેસ નોંધાયા
રાજ્યમાં કુલ રિકવરી : 1042
Dt.3-5-2020 Time 19:40

# ૬ પાલિકા અને ૬ મહાનગરપાલિકા વિસ્તારોમાં લોકડાઉન ૩.૦માં કોઈ છૂટછાટ નહિ

ગાંધીનગર,તા.૦૩

સીએમઓના સચિવ અશ્વિની કુમારે સરકારના નિર્ણયો અંગે માહિતી આપતા જણાવ્યું કે, ગઈકાલે સાંજે મુખ્યમંત્રી ની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. મહાનગરોમાં કોરોનાનાં કેસ વધુ છે, જેના કારણે લોકડાઉનનું ચુસ્ત પાલન કરવું પડશે. રાજ્ય સરકારે કોરોનાગ્રસ્ત શહેરોને જિલ્લાઓમાં વધુ કડકાઈનો નિર્ણય કર્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગર જેવા મહાનગરોમાં કોઈ છૂટછાટ નહિ અપાય. રાજકોટ ભલે ઓરેન્જ ઝોનમાં હોય, પણ રાજકોટ મહાનગરને પણ રેડ ઝોન જ લાગુ રહેશે. રાજકોટ શહેરને પણ કોઈ વધુ છૂટછાટ નહિ અપાય. આગામી ૨ અઠવાડિયામાં કોરોનાનું સંક્રમણ ઘટાડી બહાર આવવાનો લક્ષ્યાંક બનાવાયો છે. ૬ નગરપાલિકા વિસ્તારોમાં પણ કોઈ છૂટછાટ નહિ. બોટાદ, બોપલ, ગોધરા, ઉમરેઠ, ખંભાત, બારેજા નગરપાલિકા વિસ્તારોમાં પણ પ્રતિબંધ યથાવત રહેશે.

શું છૂટછાટ મળશે, અને શું નહિ...

અશ્વિની કુમારે જણાવ્યું કે, કોઈ પણ ઝોનમાં છૂટ નહિ મળે.

દારૂની પરમીટ દુકાનો પણ બંધ રહેશે.

પાન માવા-મસાલાની દુકાનો બંધ રહેશે. બે અઠવાડિયા સુધી પાન મસાલાની દુકાન રાજ્યમાં સંપૂર્ણ બંધ રહેશે.

ઓરેન્જમાં છૂટછાટ આપવામાં આવી છે.

વાળંદની દુકાન, ચાની દુકાન, બ્યુટી પાર્લરને પણ ચાલુ કરવામાં આવશે

જે દુકાનો મોલમાં નથી કે ગીચ વિસ્તારમાં નથી તેવી દુકાનો ખોલી શકાશે

ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ટેક્સી અને કેબની સેવાઓ પણ ચાલુ કરી શકાશે. જોકે તેના માટે વન પ્લસ ૨ ના નિયમનું પાલન કરવું પડશે

એસ.ટી.ની બસ ૫૦% ની કેપિસિટી સાથે ચાલુ રાખવાની રહેશે

૩૦થી વધુ મુસાફરોને બેસાડી શકાશે નહિ

લોકડાઉન ત્રીજી વખત વધારવામાં આવ્યું છે, ત્યારે પાસ માટે કે અન્ય માટે અપ્લાય કરવાનું રહેશે નહિ. જે અગાઉ જિલ્લા કલેકટર દ્વારા પાસ આપવામાં આવ્યા છે તે જ ચાલશે. અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર, ભાવનગર અને રાજકોટ જેવા છ શહેરી વિસ્તારમાં લોકડાઉનનું કડકપણે પાલન કરાવવામાં આવશે. દૂધ, દવા, કરિયાણા, શાકભાજી સિવાયની દુકાનો ચાલુ કરવા દેવામાં આવશે નહિ. જૂનાગઢ અને જામનગર સહિતના શહેરી વિસ્તારોમાં લોકોને તબક્કાવાર રીતે સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે છૂટ આપવામાં આવશે. જેમાં છ મહાનગરપાલિકા અને છ નગરપાલિકા સિવાયના વિસ્તારો છે. ગ્રીન ઝોનમાં જ એસટીની સેવાઓ ચાલુ કરવામાં આવશે.તેમણે જણાવ્યું કે, હિન્દુઓના તહેવારોમાં પોલીસ તંત્ર દ્વારા અને સ્વેચ્છાએ નાગરિકો દ્વારા ઉજવણી બંધ રાખવામાં આવી હતી. તેવી જ રીતે રમઝાન માસમાં પણ મુસ્લિમ ભાઈઓને અપીલ છે કે ઘરમાં રહીને જ રમઝાન ઉજવે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા શક્તિથી પાલન કરાવવામાં આવશે. જે પ્રકારે કેસો અને મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે, તે જોતા મુસ્લિમ બિરાદરોને અપીલ કરીએ છીએ કે ઘરમાં રહીને તહેવાર ઉજવે. રાત્રે સાત વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી ઘરની અંદર જ રહેવાનું રહેશે. કોઈને પણ બહાર અવરજવર કરવા દેવામાં આવશે નહિ. તેનું સખતાઈથી પાલન કરવા માટે વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે.

# લોકપાલ સદસ્ય જસ્ટિસ અજય ત્રિપાઠીનું કોરોના સંક્રમણથી નિધન



ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાઈરસથી સંક્રમિત લોકપાલના સદસ્ય જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠીનું મોત નીપજ્યુ છે. જસ્ટિસ અજય કુમાર લોકપાલના ન્યાયિક સદસ્ય હતા. કોરોનાથી સંક્રમિત થયા બાદ દિલ્હીના એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં તેમની સારવાર ચાલી રહી હતી. શનિવાર રાતે ૯ વાગે હૃદય રોગનો હુમલો આવવાથી તેમનું નિધન થઈ ગયુ.

૬૨ વર્ષના જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠી એપ્રિલ મહિનામાં કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ગયા હતા. જે બાદ તેમની દિલ્હી ટ્રોમા સેન્ટરમાં સારવાર ચાલી રહી હતી. એપ્રિલના પહેલા સપ્તાહથી એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં માત્ર કોરોના દર્દીઓની સારવાર ચાલી રહી છે.

એઈમ્સના સૂત્ર અનુસાર જસ્ટિસ ત્રિપાઠી બીમારીના કારણે ઘણા કમજોર થઈ ગયા હતા. તેમની તબિયત લથડતા તેમને આઈસીયુમાં લાવવામાં આવ્યા હતા. અહીં છેલ્લા ત્રણ દિવસથી તેઓ વેન્ટિલેટર પર હતા.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે તેમની શ્રદ્ધાંજલિ આપતા ટ્વીટ કરી છે. રવિશંકર પ્રસાદે કહ્યુ કે જસ્ટિસ અજય ત્રિપાઠીના નિધનથી તેમને આઘાત પહોંચ્યો છે. રવિશંકર પ્રસાદે કહ્યુ તેમણે પટનામાં તેમની સાથે વકાલત કરી હતી. કેન્દ્રીય મંત્રી જસ્ટિસ અજય ત્રિપાઠીના પત્ની અલ્કા ત્રિપાઠી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદન દાખવી છે.

### બોરિસે દિકરાનું નામ બે ડોક્ટરોના નામ પર રાખ્યું

# ડૉક્ટરે તો મને મૃત જાહેર કરવાની તૈયારી પણ કરી લીધી હતી : બોરિસ જ્હોનસન

લંડન,તા.૩

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન કોરોના વાયરસની લડાઈ વિરુદ્ધ દેશનું નેતૃત્વ કરી રહ્યાં છે. આ દરમિયાન તેઓ ખુદ આ ઘાતક વાયરસની ઝપેટમાં આવી ગયા હતા. આઈસીયૂ સુધી પહોંચી ગયેલા જોનસન ન માત્ર સ્વસ્થ થયા પરંતુ તેમની જિંદગીમાં નવી ખુશી પણ આવી છે. જૉનસનની ફિયાન્સ કૈરી સાયમંડ્સે એક પુત્રને જન્મ આપ્યો છે અને બંન્નેએ આ બાળકનું નામ જીવ બચાવનાર બે ડોક્ટરોના નામ પર રાખીને દેશના નેશનલ હેલ્થ સિસ્ટમને સલામ કરી છે.

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન કોરોના વાયરસને માત આપી ચૂક્યા છે. તેમણે રવિવારે જણાવ્યું કે લંડનના ડૉક્ટરોએ તેમના મોતની જાહેરાત કરવાની તૈયારી કરી દીધી હતી. જૉનસને કહ્યું કે આઈસીયૂમાંથી સ્વસ્થ થઈને આવવું તે રાહતની વાત છે.

તેમણે જણાવ્યું કે તેમને જીવિત રાખવા માટે હૉસ્પિટલમાં કેટલાય લીટર ઑક્સિજન ચઢાવવામાં આવી રહ્યું હતું પરંતુ તેમના સ્વાસ્થ્યમાં કોઈ ખાસ સુધાર જોવા મળતો ન હતો. જેના કારણે ડૉક્ટર્સે મજબૂર થઈને તેમના મૃત્યુની જાહેરાત કરવાની તૈયારી કરી લીધી. તેમણે કહ્યું આ મારા માટે ખૂબ જ મુશ્કેલ સમય હતો. હું એ વાત નકારી ન શકું. મારું સ્વાસ્થ્ય ઠીક ન હતું પરંતુ હું જાણતો હતો કે આકસ્મિક યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ડૉક્ટર પાસે તમામ પ્રકારની વ્યવસ્થાઓ હતી જો કંઈ ખોટું થયું તો એવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ.

સાયમંડ્સે ઈન્સ્ટાગ્રામ પર પુત્રની તસવીર શેર કરતા તેનું નામ વિલ્ફ્રેડ લૉરી નિકોલસ જોનસન જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, તેમાંથી 'નિકોલન' નામ તે બે ડોક્ટરોને સલામ કરવા માટે છે, જેણે પાછલા મહિને બોરિસનો જીવ બચાવ્યો હતો.

# હંદવાડામાં એન્કાઉન્ટર: બે આતંકી ઠાર, કર્નલ-મેજર સહિત ૫ જવાનો શહિદ

હંદવાડા,તા.૩

જમ્મુ-કાશ્મીરના હંદવાડામાં સેના અને આંતકીઓની વચ્ચે અથડામણમાં થઈ. તેમાં સેનાના ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર આશુતોષ શર્મા સહિત પાંચ જવાન શહીદ થયા છે. આ અથડામણમાં સેનાએ બે વિદેશી આતંકીઓને ઠાર કર્યા છે. શહીદોમાં એક કર્નલ, એક મેજર, બે સેનાના જવાન અને એક જમ્મુ-કાશ્મીર પોલીસને સબ ઈન્સપેકટર સામેલ છે. મળતી માહિતી પ્રમાણે શનિવારથી જ અથડામણ ચાલી રહી હતી. આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતીના આધારે નોર્થ કાશ્મીરના એક ઘરમાં સેનાના જવાનોએ હુમલો કર્યો હતો. આતંકવાદીઓએ ઘરના સભ્યોને બંધક બનાવી રરાખ્યા હતા. તેઓને બચાવા માટે સેના અને પોલીસની ટીમ ગઈ હતી. આ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. અહીં હવે ફાયરિંગ થોભ્યું છે. પરંતુ સેનાનું ઓપરેશન હજુ ચાલુ છે.

આ અથડામણમાં શહીદ થનાર કર્નલ આશુતોષ સાથે મેજર અનુજ, સબ ઈસ્પેક્ટર શકીલ કાઝી, એક લાંસ નાયક અને એક રાયફલમેનનો સમાવેશ થાય છે. આ અથડામણ હંદવાડાના છાંજીમુલ્લાહ ગામમાં શનિવાર બપોરે ત્રણ વાગ્યે શરૂ થઈ હતી. ૨૧ રાષ્ટ્રીય રાયફલ્સના કમાંડિંગ ઓફિસર કર્નલ આશુતોષ શર્માને ગત વર્ષે બીજીવાર સેના મેડલ મળ્યો હતો. તેઓ ગાર્ડ્સ રેજિમેન્ટમાંથી હતા અને અલ્હાબાદના રહેવાસી હતા.

# IFSCના હેડક્વાર્ટર માટે મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે ટકરાવના ભણકારા

મુંબઇ,તા.૩

લોકડાઉન વચ્ચે ઈન્ટરનેશલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરનુ હેડક્વાર્ટર મુંબઈથી ગાંધીનગર ખસેડવાના નિર્ણયના પગલે મહારાષ્ટ્રના સત્તાધારી પક્ષોએ વિરોધ શરુ કર્યો છે. જેના પગલે બંને રાજ્યો સામને આવી જાય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે.

આ મુદ્દે આરોપો અને પ્રત્યારોપોનો દોર શરુ થઈ ચુક્યો છે. નાણાકીય સેવાઓ નિયમિત કરવા માટે સરકારે આ સેન્ટર શરુ કરવાની જાહેરાત કરી હતી. જોકે હવે તેનુ હેડક્વાર્ટર મુંબઈ નહી બલ્કે ગાંધીનગરમાં હશે. આ પહેલા તેને મુંબઈમાં રાખવાનો નિર્ણય કરાયો હતો.એનસીપીના અધ્યક્ષ શરદ પવારનુ કહેવુ છે કે, દેશની આર્થિક રાજધાની મુંબઈનુ મહત્વ ઓછુ કરવા માટે મોદી સરકારે ઈન્ટરનેશલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ગાંધીનગર ખસેડ્યુ છે.અમે પીએમ મોદીને આ નિર્ણય પર ફરી એક વખત વિચાર કરવા માટે કહી રહ્યા છે.

શિવસેનાના સાંસદ રાહુલ શેવાલેએ નારાજગી વ્યક્ત કરતા કહ્યુ છે કે, જોઆ સેન્ટર મુંબઈમાં નહી બને તો મુંબઈમાંથી થતા ટેક્સ કલેક્શનને પણ રોકી દેવામાં આવશે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે કહ્યુ છે કે, મહારાષ્ટ્ર સરકાર સાથે કેન્દ્રે દગો કર્યો છે.૨૦૦૭માં આ સેન્ટરનુ હેડક્વાર્ટર મુંબઈમાં જ બનાવવાની ભલામણ આ માટે બનાવાયેલી સમિતિએ કરી હતી.

બીજી તરફ ભાજપે સત્તાધારી કોંગ્રેસ, એનસીપી પર દોષનો ટોપલો ઢોળતા કહ્યુ છે કે, ૨૦૦૭માં જ સમિતિએ સરકારને રિપોર્ટ સોંપ્યો હતો. ૨૦૧૪ સુધી મહારાષ્ટ્ર કે કેન્દ્ર સરકારે તેના પર કોઈ ધ્યાન આપ્યુ નહોતુ.

## તંત્રી સ્થાનેથી...

# નાણાંકીય સંકટ

રેલવેના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ જૂની પેન્શન સ્કીમ ચાલુ રાખવાના દેશ વ્યાપી આંદોલનને વેગ આપેલો છે. પણ સરકાર હજુ સુધી એકની બે થતી નથી. જૂની સ્કીમ ચાલુ રાખવા માટે રાજ્ય અને કેન્દ્રના કર્મચારીઓએ અનેક આંદોલનો કર્યા. તાજેતરમાં કેરળ સરકારે સ્પષ્ટ કહ્યું હતું કે તેની પાસે પોતાના કર્મચારીઓને પગાર આપવા માટે પણ પૈસા નથી. રાજ્યના નાણાં પ્રધાન થોમસ ઈસાકે જણાવ્યું હતું કે કેરળ સરકાર એપ્રિલમાં ફક્ત ૨૫૦ કરોડ રૂપિયા જ એકત્રિત કરી શક્યું. જો અમને કેન્દ્ર તરફથી જીએસટીમાં રાજ્યનો જે હિસ્સો છે તે મળે તો અમે રૂ. ૨૦૦૦ કરોડના બજેટ લક્ષ્યાંક સુધી પહોંચી શકીશું. પરંતુ પગારની ચૂકવણી માટે અમારે ૨૫૦૦ કરોડ રૂપિયાની જરૂર છે, જે પણ પૂરી થાય એમ નથી. બીજા ઘણા રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ છે. જે તબક્કાવાર બહાર આવવાની શક્યતા છે. દેશના તમામ રાજ્યો અત્યારે પોતાનું માસવાર અર્થતંત્ર નિભાવવાના કોષ્ટકો ગોઠવે છે પણ એમાં ઘણા ખાના ખાલી રહી જાય છે.રિસર્ચ ફર્મ ઈન્ડિયા રેટિંગ્સ અનુસાર જો હજી લોકડાઉન ૩ મે પછી પણ લંબાયું તો હિમાચલ પ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશની આર્થિક સ્થિતિ બહુ નબળી પડી શકે છે. તેના અહેવાલ મુજબ રાજ્યોને પોતાના સ્ત્રોતો માંથી થતી આવક આમ જુઓ તો નહિ જેટલી છે. તેથી ઘણા રાજ્યોએ પહેલેથી જ પોતાના કર્મચારીઓના પગારમાં ઘટાડો કર્યો છે. સંશોધકોનું માનવું છે કે કેન્દ્ર સરકારે મોટા પ્રમાણમાં નાણાં એકત્ર કરવા પડશે અને તેનો મોટો ભાગ રાજ્યોને ખર્ચ માટે આપવો પડશે. કારણ કે પ્રજા કોઈ કેન્દ્ર નામના સ્થળમાં વસતી નથી, પ્રજા તો રાજ્યોમાં વસે છે અને સરકાર રાજ્યોના હાથમાં વધુ અથવા પૂરતા નાણાં મૂકશે તો જ આ આર્થિક સંકટનો દુર્ગમ પહાડ પાર કરી શકાશે.સરકારની મુશ્કેલી એમ પણ વધી છે કારણ કે લોકોએ પ્રોવિડન્ટ ફંડ માંથી પૈસા કાઢવાના શરૂ કરી દીધા છે. એપ્રિલના શરૂઆતના ૧૧ દિવસોમાં ૪ લાખથી વધુ લોકોએ ઈપીઓએફ એટલેકે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ માંથી ૩ મહિનાના પગાર જેટલી રકમ મેળવવા અરજી કરી નાખી છે. ખરેખર જુઓ તો તેમને આજે જ આ નાણાની કોઈ જરૂર ન હોય. પરંતુ એમનામાં અસુરક્ષા અને અનિશ્ચિતતાનો ભાવ ઘર કરી ગયો છે. એમને ભય છે કે આખી સિસ્ટમ બેસી ગઈ તો એમના બધા પૈસા ડૂબી જશે. આ જ ડર અને આશંકાએ કેપિટલ માર્કેટની હાલત પણ ખરાબ કરી નાખી છે અને હવે એની અસર મ્યુચુઅલ ફંડ ઈન્ડસ્ટ્રી પર દેખાવા લાગી છે . બહુ જાણીતા મ્યુચ્યુઅલ ફંડ હાઉસ ફ્રેકલિન ટેમ્પલટન ઈન્ડિયા ખોટમાં ચાલતા હવે પોતાના ૬ ડેટ ફંડ બંધ કરી દીધા છે. જેનાથી રોકાણકારોના લગભગ ૨૮ હજાર કરોડ અટવાઈ ગયા છે. કંપનીનું કહેવું છે કે કોરોના સંકટના લીધે લોકો એ ઝડપથી પોતાના પૈસા પાછા ઉપાડયા છે, જેની સામે રોકડનું સંકટ પેદા થયું છે.કેન્દ્ર સરકારે મ્યુચુઅલ ફંડોની નાણાંકીય પ્રવાહિતા વધારવા માટે અઢળક નવું ફંડ ફાળવ્યું છે. પરંતુ એનાથી ગ્રાહકોના પ્રશ્નો કદાચ ઉકેલાય તો પણ મ્યુચ્યુઅલ ફંડની વિશ્વસનીયતાની પુનઃ સ્થાપના બજાર માટે એક પડકાર બની રહે છે. વેચાણનું દબાણ વધવાથી હવે આ બધા ફંડ સામેની સિક્યુરિટી સસ્તામાં વેચવી પડશે. કંપનીનું કહેવું છે કે રોકાણકારોને એમના પૈસા પાછા મળી જશે પરંતુ અલગ અલગ ચરણમાં. કોરોનાને લીધે બીજા મ્યુચુઅલ ફંડ પર પણ ભારણ વધવાનો છે. ડેટ ફંડમાં રોકડનું સંકટ વધી શકે છે. નોન બેકિંગ સંસ્થાઓ માટે બજારમાંથી ધિરાણ લેવું મુશ્કેલ પડશે. કેન્દ્ર સરકારે આ બધા પાસાઓનું ધ્યાન રાખીને નિર્ણયો લેવા પડશે. નોન બેકિંગ નાણાકીય સંસ્થાઓ તો દેશની લાખો નાની કંપનીઓ અને લઘુ ઉદ્યોગો માટે પ્રાણતત્ત્વ છે.

## દૈનિક રાશીફળ

તા.૦૪-૦૫-૨૦૨૦ સોમવાર(જી.એન.એસ)

**મેષ (અ.લ.ઈ.) :-** જુના કર્જમાં રાહત થવાની છે ઉધારી ધંધો ઇચ્છનીય નથી તમારી શકિતઓને ઓળખો પ્રવાસ થાય.

**વૃષભ (બ.વ.ઉ.) :-** ભાઇ-બહેનોની સગાઇ કે લગ્નનું કાર્ય સફળ થવાનું નોકરીમાં કાર્યભાર રહેવાનો.

**મિથુન (ક.છ.ઘ.) :-** ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે. વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને. પરિવારના સભ્યોની જરૂરીયાતો વધે.

**કર્ક (ડ.હ.) :-** માનસિક સ્થિતિ સારા રહી જરૃરીયાતો વધવાની છે જુની ઉઘરાણીમાંથી અમુક રકમ હાથમાં આવે.

**સિંહ (મ.ટ.) :-** વ્યર્થ દલીલ બાજી ન કરવી ખર્ચ ઉપર કાબુ રાખવો તમારા સપના સાકાર થતા જોઇ શકશો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** સમસ્યાઓનું નિરાકરણ એક માત્ર તમારી સખત મહેનત, કોઇ અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા.

**તુલા (ર.ત.) :-** યશ પ્રતિષ્ઠામાં વધારો થવાનો છે નવું આયોજન લાભ દાયક રહેવાનું પ્રવાસથી લાભ મલવાનો.

**વૃશ્ચિક (ન.ય.) :-** નોકરી ધંધામાં લાભ રહેવાનો છે મિત્રોનું માર્ગદર્શન ઉપયોગ રહેવાનું કર્જમાં રાહત થવાની છે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** રોજિંદા કાર્યમાં અવરોધો દૂર થવાના છે કિંમત ચીજ વસ્તુની ખરીદીમાં સફળતા વાળો સમય રહેવાનો.

**મકર (ખ.જ.) :-** ઇચ્છિત વ્યકિત સાથે મુલાકાત થવાની છે લાગણી દેખાડતા મિત્રો સાથે કોઇ મતભેદો ની શકયતા.

**કુંભ (ગ.શ.સ.) :-** વ્યર્થ દોડધામ કરવાથી દૂર રેહજો. નવુ આયોજન કરવામાં કોઇ ઉતાવળ ન રવી. મિલ્કતથી લાભ.

**મીન (દ.ચ.ઝ.) :-** નોકરીમાં કોઇ લાભની આશા ફળવાની માતુશ્રી સાથે પ્રવાસનું આયોજન થાય. શાંતિ મલવાની.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૪/૦૫/૨૦૨૦, સોમવાર, વૈશાખ સુદ-૧૧
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૧૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૧૪થી અમૃત-૭-૫૧ સુધી, ૯-૨૯ થી શુભ-૧૧-૦૬ સુધી,૧૪-૨૧ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૩૬ સુધી, ૨૩-૨૧ થી લાભ-૨૪-૪૩ સુધી

**- શુભ હોરા-**
૬-૧૪ થી ૭-૧૯ સુધી, ૮-૨૪ થી ૯-૨૯ સુધી, ૧૧-૩૯થી ૧૪-૫૪ સુધી, ૧૫-૫૯થી ૧૭-૦૪ સુધી

# અમદાવાદમાં મણિનગર સહીત ૧૦ વોર્ડ રેડ ઝોનમાં ૧૦ અધિકારીઓને સોંપાઈ જવાબદારી

અમદાવાદ,તા.૦૩

કોરોના વાયરસે ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદ શહેરમાં હાહાકાર મચાવ્યો છે. શહેરમાં લોકડાઉન હોવા છતાં પણ દૈનિક ધોરણે કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે અને મૃત્યુઆંકમાં પણ વૃદ્ધિ જોવા મળી રહી છે. શહેરની આ ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર વિજય નેહરાએ પ્રેસ કોન્ફરન્સ કરી મહત્વની માહિતી આપી છે. પ્રેસ કોન્ફરન્સમાં નેહરાએ કહ્યું કે કેન્દ્રે માર્ગદર્શક સૂચનાઓ આપી છે. જે સૂચનાઓ આજે રાજ્ય સરકાર બહાર પાડશે. આ સાથે તેમણે મણિનગર વોર્ડને કન્ટેનમેન્ટ વોર્ડ જાહેર કર્યો છે. એટલે કે મણિનગર વિસ્તાર હવે રેડ ઝોનમાં સામેલ થયો છે. આ સાથે શહેરમાં હવે વધુ એક વોર્ડ રેડ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

નેહરાએ કહ્યું કે ૧૦ કન્ટેનમેન્ટ વોર્ડ માટે ખાસ સિનિયર અધિકારીઓની નિમણૂક કરાઈ છે. અમદાવાદમાં અત્યાર સુધી ૧૦ વોર્ડ રેડ ઝોનમાં છે. આવા ૧૦ વોર્ડ માટે ૧૦ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. નેહરાએ કહ્યું કે શહેરમાં લોકડાઉનનું સંપૂર્ણ રીતે પાલન નથી થતું. તેથી આ અધિકારીઓ પોલીસ સાથે સંકલન કરશે અને લોકડાઉનના નિયમોનું પાલન કરવા માટે કામગીરી કરશે. આ અધિકારીઓ આગેવાનેને સંપૂર્ણ માહિતી આપશે. ઉપરાંત તેમણે માહિતી આપી કે કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને શહેરમાં ગાંધી બ્રિજ, નહેરૂ બ્રિજ, દધિચી બ્રિજ, સરદાર બ્રિજ બંધ કરાયા છે. નેહરાએ કહ્યું કે આ સાથે અમદાવાદમાં કુલ ૫ બ્રિજ પર અવર જવર બંધ કરાઈ છે.જયારે સુભાષ બ્રિજ અને એલિસ બ્રિજ પર હાલ વાહન વ્યવહાર ચાલુ રહેશે. આ સાથે વિજય નેહરાએ કોટ વિસ્તાર જયાં કોરોનાનું જોખમ વધુ છે ત્યાંના લોકોને લોકડાઉનનું પાલન કરવા અને કામ વગર બહાર ન નીકળવા અપીલ કરી છે. નેહરાએ જમાલપુર વોર્ડના નાગરિકોને ખાસ અપીલ કરી છે કારણે કે ત્યાં કોરોના મૃત્યુઆંક વધારે છે. શહેરમાં કુલ મૃત્યુઆંકમાંથી ૩૩ ટકા મૃત્યુ જમાલપુરમાં થયા છે. નેહરાએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે કોરોનાને લઈ હવે વધારે ગંભીર બનવું પડશે. સાથે નેહરાએ ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનોને આગળ આવી કોરોનાને લઈ જન જાગૃતિ ફેલાવવા અપીલ કરી છે.

## જે એસ પ્રજાપતિની અમદાવાદના ડેપ્યુટી કમિશનર તરીકે નિમણૂક કરાઈ

અમદાવાદ,તા.૦૩

શહેરમાં કોરોના વાયરસ સંક્રમણ વધતા સરકાર વધી ચિંતામાં વધારો થયો છે . અમદાવાદનો રેડ ઝોનમાં સમાવેશ થયો છે . શહેરમાં અને જિલ્લામાં કોરોના વાયરસના કેસનો આંકડો ૩ હજારને પાર પહોંચી ગયો છે અને મૃત્યુ દરમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે . ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગીર સોમનાથ નિવાસી અધિકી કલેક્ટર તરીકે ફરજ બજાવતા જે એસ પ્રજાપતિની અમદાવાદ શહેરના ડેપ્યુટી કમિશનર તરીકે નિમણૂક કરાઇ છે. શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ વધતા સરકાર દ્વારા વધુ એક ક્લાસ વન અધિકીરીની નિમણૂંક કરાઇ છે. એએમસીમાં અધિકીરીઓમા અને સત્તાધીશોમાં એક ચર્ચા ચાલી છે કે,વર્તમાન કમિશનર વિજય નહેરા અને તેમની ટીમ દ્વારા વર્તમાન પરિસ્થિતિ પર કંટ્રોલ લાવવામાં સફળ રહ્યા નથી. જેથી રાજ્ય સરકાર દ્વારા રાતોરાત નવા ડેપ્યુટી કમિશનરની નિમણૂંક કરવામાં આવી રહી છે.

# કોરોના વોરિયર્સને સરકાર આપે ૨૫ લાખની સહાય અને નોકરી

અમદાવાદ,તા.૦૩

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની સામે જંગ લડવા અનેક કોરના વોરિયર્સ મેદાનમાં ઉતર્યા છે. આ જ પ્રકારની જંગ લડવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના બહેરામપુરા, દુધવાળી ચાલીમાં રહેતા જયંતીભાઇ બાબુભાઇ પરમાર, સફાઈ કામદારની ફરજ દરમ્યાન કોરોના વાયરસનો ચેપ લાગતા દુઃખદ અવસાન પામેલ છે. ત્યારે તેમના પરિવારને સમયસર મદદ મળી રહે તે માટે ગુજરાત વિધાનસભાના વિપક્ષ ઉપનેતા શૈલેષ પરમાર દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી ને પત્ર લખીને તેમના પરિવારના વારસદારને ૨૫ લાખની સહાય અને નોકરી આપવા ભલામણ કરવામાં આવી છે.શૈલેષ પરમારે પોતાના આ પત્રમા જણાવ્યું છે કે, હાલમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન છે. કોરોના વાયરસ સામે ખાસ કરીને આરોગ્યના કર્મચારીઓ, પોલીસ જવાનો. સફાઈ કર્મચારીઓ પોતાના અને પરીવારના જોખમ હોવા છતા સિપાહી તરીકે સેવામાં કાર્યરત છે. તેવામાં આવા કોઈ કર્મચારીનું કોરોનાના કારણે દુખઃદ અવસાનના કિસ્સામાં સરકારે તેમના વારસદારને રૂ. ૨૫લાખની સહાય ચુકવવાની જાહેરાત રજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી છે.

મારા મત વિસ્તારમાં અમદાવાદ શહેરના બહેરામપુર, દુધવાળી ચાલીમાં રહેતા જયંતીભાઈ બાબુભાઈ પરમાર જેઓ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનમાં ઈસનપુર વટવા વોર્ડમાં સફાઈ કામદારની ફરજ બજાવતા હતા. જેમનું કોરોના વાયરસનો ચેપ લાગતા ગત ૨૯ એપ્રિલના રોજ દુઃખદ અવસાન થયુ છે. સફાઈ કામદારના પરિવારની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી છે. તેમજ કોરોનાના કપરા કાળમાં ફરજ બજાવતાં તેમનું કોરોનાનો ચેપ લાગવાથી મૃત્યુ થયું છે. ત્યારે રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ મૃતકના વારસદારને રૂ. ૨૫ લાખની આર્થિક સહાય વહેલી તકે ચુકવવા અને તેઓના વારસદારને સરકારી નોકરી પુરી પાડવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ સહ વિનંતી છે.

### અમદાવાદ-ગાંધીનગરમાં હોસ્પિટલો પર પુષ્પવર્ષા અને વિધાનસભા પર વાયુસેનાના લડાકુ વિમાનની ફ્લાય પાસ્ટ

# ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ પર વાયુ સેનાનાં MI-17 V5 હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા



ગાંધીનગર,તા.૦૩

સમગ્ર દેશમાં કોરોનાનો કહોર યથાવત છે. ત્યારે વાયુસેના દ્વારા કોરોના યોદ્ધાના માનમાં પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યુ. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ પર MI-17 V5 હેલિકોપ્ટર દ્વારા આજે સવારે ૧૦.૫૫ કલાકે પુષ્પ વર્ષા કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસ સામેની લડાઈમાં ડોક્ટર્સ, નર્સ સહિત સફાઈ કર્મચારીઓ ફ્રન્ટલાઈનના યોદ્ધાની જેમ કામ કરી રહ્યા છે. દેશમાં આજે કોરોનાના કર્મવીરોને સરહદના શૂરવીરો દ્વારા સલામી આપવામાં આવી. ત્યારે સેનાની ત્રણેય પાંખ દ્વારા કોરોનાની લડાઈ સાથે સંકળાયેલા ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ સહિતના લોકોનું ફ્લાઈ પાસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યુ છે.

અમદાવાદમાં વાયુસેના દ્વારા કોરોના યોદ્ધાના માનમાં પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદની બીજે મેડિકલ કોલેજ પર સવારે સેનાના MI-17 હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી. કોરોના સામેની લડાઈમાં ડોક્ટર્સ, નર્સ સહિત સફાઈ કર્મચારીઓ ફ્રન્ટલાઈનના યોદ્ધાની જેમ કામ કરી રહ્યા છે. જેમના કાર્યને બિરદાવવા માટે સેના દ્વારા ફ્લાઈ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યુ છે.મહત્વનું છે કે દેશમાં આજે કોરોનાના કર્મવીરોને સરહદના શૂરવીરો દ્વારા સલામી આપવામાં આવી હતી. ત્યારે સેનાની ત્રણેય પાંખ દ્વારા કોરોનાની લડાઈ સાથે સંકળાયેલા ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ સહિતના લોકોનું ફ્લાઈ પાસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે.

### શામળાજી પાસે યુ.પી અને એમ.પીના શ્રમિકો અટવાયા

# કોરોનાથી નહિ અમને વતન નહિ જવા દેવાય તો ભૂખ થી મરી જઈશું

અરવલ્લી બ્યુરો મોડાસા

લૉકડાઉન નો ત્રીજો તબક્કો ચોથી મેના રોજ અમલી બનશે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકારોને પરપ્રાંતીય મજૂરો ને તેમને વતન પહોંચાડવા માટે વ્યવસ્થા ગોઠવવાનો આદેશ કર્યો છે. આ અનુસંધાને ગુજરાત સરકાર પ્રરપ્રાંતીય મજૂરોની નોંધણી કરીને તેમને વતન જવાની વ્યવસ્થા કરી રહી છે. આ માટે સુરત અને અમદાવાદથી ખાસ ટ્રેન પણ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ દરમિયાન દરરોજ મોટી સંખ્યામાં અનેક પરપ્રાંતીય શ્રમિકો પગપાળા અને માલવાહક વાહનો મારફતે રાજસ્થાન રાજયમાં પ્રવેશ કરવા શામળાજી નજીક આવેલી રતનપુર આંતરરાજ્ય સરહદ પર પહોંચતા રાજસ્થાન પ્રશાસન તંત્રએ રાજસ્થાન સિવાયના તમામ શ્રમિકોને અટકાવી દેતા અને

શ્રમિકોની હાલત “જાયે તો કહા જાયે” જેવી સ્થિતિનું નિર્માણ થયું છે અરવલ્લી જિલ્લા તંત્રે પણ શ્રમિકો જે જગ્યાએ થી આવ્યા હોય તે જગ્યાએ પરત જવાનો આદેશ કર્યો હોવાથી પરપ્રાંતીયોની હાલત દયનિય બની છે

શામળાજી નજીક પગપાળા અને ટ્રક, ટેમ્પો જેવા વાહનોમાં વતન જવાની ઉતાવળમાં રતનપુર ચેકપોસ્ટ અટવાયેલા શ્રમિકોએ બંને રાજયોના પ્રશાસન તંત્રાને આજીજી કરતા લાચાર જણાતા હતા

રાજસ્થાન પ્રશાસન તંત્રે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજયની સરહદો સીલ હોવાથી રાજસ્થાનના શ્રમિકો સિવાય અન્ય રાજયના શ્રમિકોને પ્રવેશતા અટકાવતા શ્રમિકોની હાલત દયનિય બની છે પગપાળા વતન જવા નીકળેલા નાના ભૂલકાંઓ અને પત્ની સાથે નીકળેલા શ્રમિક પરિવારો “કોરોનાથી નહિ અમને વતન નહિ જવા દેવાય તો ભૂખ થી મરી જઈશું” જણાવી રહ્યા છે પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચે સંકલનના અભાવને પગલે મજૂરો અટવાયા છે.શામળાજી રતનપુર આંતરરાજય સરહદ પર સવારથી જ લોકો ચાલતા, સાઈકલ કે વાહન પર સાવાર થઈને પહોંચી રહ્યા હતા. બીજી તરફ સરહદ પર જે લોકોને મંજૂરી મળી હતી તેમને જ અંદર લેવામાં આવતા હતા.શ્રમિકોની એક જ માંગણી છે કે ઉત્તર પ્રદેશ સરકાર બહુ ઝડપથી તેમને અહીંથી લઈ જાય.હાલ પૂરતી પોલીસ તરફથી લોકોના આ લોકોએ તડકામાં ન રહેવું પડે તે માટે મંડપ બાંધીને છાંયડાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# ગ્રીન ઝોન દ્વારકામાં ૨ કેસ આવતા રેડ ઝોન જાહેર, બહારથી આવનાર દરેકને કરાશે ક્વોરેન્ટાઇ

બેટ દ્વારકા,તા.૦૩

ગુજરાતના જે ત્રણ જિલ્લા કોરોના મુક્ત હતા, તેમાં દ્વારકા જિલ્લાનો પણ સમાવેશ હતો. જે ગર્વ લેવાની બાબત હતી. પરંતુ હવે દ્વારકા જિલ્લાને પણ કોરોનામુક્ત ન કહી શકાય. ગઈકાલે ગ્રીન ઝોન દેવભુમિ દ્વારકામાં કોરોનાના ૨ કેસ પોઝિટિવ આવ્યા હતા. જેના બાદ તંત્રમા દોડધામ વધી ગઈ હતી. જેને પગલે સમગ્ર બેટદ્વારકા ક્વોરેન્ટાઈન કરાયું હતું. ત્યારે આજે દેવભૂમિ દ્વારકાને રેડ ઝોન જાહેર કરાયું હતું. આ ઉપરાંત તકેદારીના પગલા ત્વરિત લઈ લેવામાં આવ્યા છે. ડીએમ દ્વારા આદેશ કરાયો છે કે, અન્ય સ્ટેટ માંથી આવનાર વ્યક્તિને ૭ દિવસ માટે ફરજિયાત ગવર્મેન્ટ ક્વોરેન્ટાઈ કરાશે. બેટદ્વારકામાં ચીફ ઓફિસર, પીએસઆઈ, મામલતદાર સહિત ૩ ટીમો બનાવી સતત ૨૪ કલાક ચેકિંગ હાથ ધરાયું છે. બેટ દ્વારકામાં પીએસઆઈ સહિત ટુકડી મૂકાઈ છે. તેમજ અવરજવરના તમામ માર્ગો બંધ કરાયા છે. ડોર ટુ ડોર જીવન જરૂરિયાતચીજ વસ્તુઓ માટે જીલ્ડસ દ્વારકા દ્વારા વ્યવસ્થા કરાઈ છે. કોસ્ટગાર્ડ મરીન પોલીસની પણ આ માટે મદદ લેવાઈ છે. બેટદ્વારકાના તમામ વિસ્તારોને સેનિટાઈઝ કરવામાં આવ્યા છે. ૨ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલ ૯૦ ખાનગી અને ૪૦ સરકારી કર્મચારીઓનું ચેકિંગ કરવાની કાર્યવાહી કરાઈ છે. ૩૫ વ્યક્તિઓ બેટ દ્વારકાથી લઈને દ્વારકા આહીર સમાજમાં ગવર્મેન્ટ ક્વોરેન્ટાઈન કરાયા છે. તેમના સેમ્પલ લેવાની વ્યવસ્થા તાત્કાલિક અસરથી કરાઈ છે. ૨ પોઝિટિવ કેસના આગમનથી દ્વારકા જિલ્લાના સલાયામાં તમામ વેપારીઓની દુકાનો બંધ કરી દેવામાં આવી છે.

ગ્રીન ઝોનમાં મોરબી, અમરેલી, પોરબંદર, જૂનાગઢ અને દેવભુમિ દ્વારકા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તમામ પાંચ જિલ્લાઓ ગ્રીન ઝોનમાં હતા. જો કે આજે દેવભુમિ દ્વારકા જિલ્લામાં પણ ૨ કોરોના પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ચકચાર મચી ગઈ છે. કોરોના કેસ દેવભુમિ દ્વારકામાં કેસ ક્યાંથી આવ્યો તે અંગે પણ તંત્ર દોડતું થયું છે. બેટદ્વારકામાં રાજસ્થાનનાં અજમેરથી બંન્ને લોકો આવ્યા હતા. તેમને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. દરમિયાન કોરોના પોઝિટિવ આવ્યો હતો. ૪૦ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

### બેંક ઓફ બરોડાએ વિશિષ્ટ ‘મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ’ હાથ ધર્યો

# એમએસએમઈને પડકારો ઝીલવા, સોલ્યુશન પ્રદાન કરવા માર્ગદર્શન આપવા રાષ્ટ્રીય સ્તરનો વેબિનાર યોજાયો



અત્યારે કોવિડ-૧૯ રોગચાળા અને એના પગલે લોકડાઉન લાગુ હોવાથી એમએસએમઈ ક્ષેત્ર અતિ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આ સમયે સંપૂર્ણ દેશમાં એમએસએમઈ ઋણધારકો સાથે જોડાવા બેંક ઓફ બરોડાએ આજે ‘મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ’ નામની વિશિષ્ટ પહેલ હાથ ધરી હતી.

આ લાઈવ વેબિનારમાં બેંકના સંબંધિત સેન્ટ્રલ મેનેજરો, ઝોનલ મેનેજરો, રિજનલ મેનેજરો, બ્રાન્ચ મેનેજરો અને એસએમઈ લોન ફેક્ટરીઓના હેડની સાથે મોટી સંખ્યામાં એમએસએમઈ ઋણધારકો સહભાગી થયા હતા, જેનું સંચાલન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વિકમાદિત્ય સિંહ ખીચીએ કર્યું હતું. આ એમએસએમઈની ચિંતાઓ દૂર કરવાની કવાયત હતી, જેમાં ભારત સરકાર, રિઝર્વ ઓફ ઈન્ડિયા અને ખાસ કરીને બેંક ઓફ બરોડાએ તેમને આ પડકારોને ઝીલવામાં મદદરૂપ હાથ ધરેલા પ્રયાસો અને વિવિધ પગલાંઓની જાણકારી આપવામાં આવી હતી.

‘મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ’ બેંક ઓફ બરોડાની વિશિષ્ઠ, અતિ-સક્રિય પહેલ છે અને ભારતમાં બેંકની બહોળી પહોંચને ધ્યાનમાં લેતા ઉદ્યોગમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે. વેબિનારનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ એમએસએમઈ ઋણધારકોને બેંક દ્વારા તેમના લાભ માટે ઉપલબ્ધ વિવિધ સુવિધાઓ/વિકલ્પો વિશે જાણકારી આપવાનો હતો. બેંકના એક્ઝિક્યુટિવ્સે ઋણધારકોને આ મુશ્કેલીઓ માટે આ સુવિધાઓનો કેવી રીતે ઉપયોગ થઈ શકશે એ વિશે ઉચિત સલાહ અને માર્ગદર્શન સાથે રોડ-મેપ પણ સૂચવ્યો હતો. ચેટ બોક્ષ સુવિધા દ્વારા સહભાગી ઋણધારકો તેમના પ્રશ્નો/શંકાઓ રજૂ કરી શક્યા હતા અને બેંકને ચેટ બોક્ષ દ્વારા અંદાજે ૨૨,૦૦૦ ક્વેરી મળી હતી. શંકાઓ/પ્રશ્નો પૂછ્યાં હતાં, જેના પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ઉપરાંત એમએસએમઈ ઋણધારકોને કોવિડ-૧૯ પછી ચોક્કસ સેગમેન્ટમાં ઊભી થનારી સંભવિત વ્યાવસાયિક તકો વિશે જાણકારી આપી હતી.પોતાના ડેસ્ક પરથી આ વેબિનારનું સંચાલન કરનાર એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વિક્રમાદિત્ય સિંહ ખીચીએ કહ્યું હતું કે, “અર્થતંત્રની કરોડરજ્જુ અને દેશમાં સૌથી વધુ રોજગારીનું સર્જન કરતા એમએસએમઈ ક્ષેત્રને કોવિડ-૧૯ રોગચાળા અને લોકડાઉનને કારણે માઠી અસર થઈ છે. એમએસએમઈ બેંક ઓફ બરોડા માટે પ્રાથમિકતા ધરાવતું ક્ષેત્ર હોવાથી એમએસએમઈ ઋણધારકો સાથે સીધી વાત કરવાની જરૂરિયાત જણાઈ હતી, જેથી તેમને આ કટોકટીના સમયમાં વધારાની સુવિધાઓની દ્રષ્ટિએ સતત સાથસહકારની ખાતરી આપી શકાય. ફેસ-ટૂ-ફેસ ઈન્ટરેક્શનની શક્યતા ન હોવાથી આ મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો, જેમાં અમે દેશભરમાં મેટ્રો, અર્બન, સેમિ-અર્બન અને ગ્રામીણ કેન્દ્રોમાંથી બેંકના અધિકારીઓ ઉપરાંત લગભગ ૪૯,૦૦૦ ગ્રાહકો ઓનલાઈન જોડાયા હતા.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

વિભાગઃ ગદ્ય

શીર્ષક : મારી લાડકી

''તેરી લાડકી મૈં છોડુંગી ના તેરા સાથ....."

રમણીકલાલના કાનોમાં સતત એક જ ગીતની ધૂન ગુંજી રહી છે.

"મારા આંગણાનું ચહેકતુ પંખી, મારા દયછોડનું ફૂલ." બસ, મારી સાથે હવે દશ દિવસ જ રહેશે....! વિચારતાજ રમણીકલાલની આંખમાંથી વિરહની વેદનાનું એક આંસુ સરી પડ્યુ.

પંદર વર્ષ પહેલા અનાથાલયમાંથી એક પાંચ વર્ષની બાળકીને રમણીકલાલ અને કંચનબેને દત્તક લીધી હતી. પણ વિધિની વક્રતા કહો કે કરમની કઠણાઈ.... મીરા માંડ સાત વર્ષની થઇ હશે કે એક કાર અકસ્માતમાં કંચનબેનનું મૃત્યુ થયુ.

કંચન ફરી માટી થઇ ગઇ. અને મીરા ફરી એકવાર ''મા" વિહોણી.

રમણીકલાલે મીરાને મા અને બાપ બંનેનો પ્રેમ આપ્યો.ખુબજ લાડકોડથી ભણાવી ગણાવીને મોટી કરી.

ગ્રેજ્યુએટ થયેલી મીરાએ પોતાના જીવનનાં એન્જીનીયર એવા પિતા રમણીકલાલને તેના કોલેજ મિત્ર રાહુલની વાત કરી.

"પપ્પા મને રાહુલ ગમે છે."

''મને ગર્વ છે તારા પર"

મીરાના માથા ઉપર પોતાનો પ્રેમાળ હાથ ફેરવતાં રમણીકલાલે પોતાની ખુશી વ્યકત કરતા કહ્યું કે આજે હું ખુશ છું કે તેં એક અનાથ એવા રાહુલને પોતાનો જીવનસાથી બનાવવાનું નક્કી કર્યું છે.

સમય ને સરતા પણ ક્યાં વાર લાગે છે...! એ દિવસ પણ આવી ગયો જ્યારે મીરાના ઘડીયા લગ્ન લેવાયા, શરણાઈના સૂરો રેલાયા.

''ઢોલ ઢબુક્યા રે લાડી....હાલો આપણે ઘેર રે......"

ફરી એકવાર એક ગીત રમણીકલાલના કાને પડ્યુ.અને વિરહનું એક આંસુ સરે એ પહેલાજ વિદાયના એ છેલ્લા આલિંગનથી રમણીકલાલનું હૈયુ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યુ.

દક્ષા આહીર ...

-શીર્ષકઃ "જૌહર"

લગ્નના ત્રીજે જ દિવસે પદ્મિની અને એના પતિને ગંભીર રીતે દાઝેલી હાલતમાં દાખલ કરાયાં. પતિનું કરુણ મૃત્યુ થયું. હોસ્પિટલના બર્નિંગ વોર્ડમાં પદ્મિની પોલિસને સ્ટેટમેન્ટ આપી રહી હતી.

"સાહેબ, મારાં લગ્ન હજી ત્રણ દિવસ પહેલાં જ થયાં છે. ઘરની અગાશીમાં પતિ સાથે રાતે કેન્ડલ ડિનર ગોઠવ્યું હતું.

પતિના હાથમાં હાથ પરોવીને મેં કહ્યું, "હવે તો સાથે જ જીવશું-મરશું"

એ આટલું બોલીને ખામોશ થઈ ગઈ.

"પછી શું થયું મેડમ?"

છી...

અને પદ્મિનીની નજર સામે કેન્ડલની જ્યોત તાદ્રશ્ય થઈ. મનોમન ગોઠડી માંડી.

પછી..

એ જ્યોતમાં મને..

પોતાની દીકરીના લગ્ન માટે દરેક દીકરાના મા-બાપને આજીજી કરતો આર્થિક નિર્બળ અને છેલ્લે લગ્નના ફેરા પહેલાં દહેજની માંગણી સંતોષીને દીકરીના સુખ માટે સાસરિયાંના પગે પડતો મજબૂર બાપ દેખાયો. અને સાસુ-સસરા અને પતિએ દહેજના હપ્તા ગોઠવીને પપ્પા પર ઉપકાર કર્યો એ જ ક્ષણે મેં સતી થવાનો નિર્ધાર કરી લીધો હતો.

અને..

મક્કમ નિર્ધાર સાથે સાત ફેરા ફરીને આવેલી મેં કેન્ડલ ડિનર દરમ્યાન પતિને વાતોમાં વ્યસ્ત રાખીને જ્યોતમાં જ બંનેની આહુતિ આપીને વિરાંગનાધર્મ અપનાવ્યો.

"ઓ મેડમ... "

પદ્મિની ઝબકીને જાગી.

"હા સાહેબ, પહેલાં જૌહરની પ્રથામાં પતિની નિશાનીને સાથે રાખીને સતી થવાની પ્રથા હતી. મેં પતિને સદેહ રાખીને જૌહર કર્યું. પપ્પાને જિંદગીભરની મારી ચિંતામાંથી મુક્ત કર્યા."

લીના વછરાજાની

અમદાવાદ.

શીષૅક - દિકરીની વિદાય

"દિકરીની વિદાય" આ શબ્દસમૂહ સાંભળતા જ એક અજીબ પ્રકારની લાગણી અનુભવાય છે. આ અજીબ લાગણી એટલે મિશ્ર લાગણી – આનંદ અને દુઃખ બન્નેનું સંયોજન. આ લાગણીને સમજવા માટે દિકરીના મા-બાપ બનવું પડે. એક આંખમાં ખુશી – દિકરી સારા ઘરમાં પોતાની જીંદગીની નવી શરુઆત કરવા જઇ રહી છે, તો બીજી આંખમાં દુઃખના આંસુ – મારી લાડકવાયી મને છોડીને જઇ રહી છે. કદાચ આજ પછી મારી દિકરી હોવા છતાં, એ માત્ર મારી દિકરી નહીં રહે, એ તો સાસરવાસી થશે, પતિ, સાસુ-સસરા, જેઠ-દિયર-નણંદના નવા સંબંધોમાં ગૂંથાઇ જશે. લગ્નવિદાય પછી એ જ્યારે પિયરમાં આવશે, ત્યારે તેનામાં પરિવર્તન અનુભવાશે. એની ચંચળતા અને મુક્ત હાસ્ય, ઠરેલપણામાં બદલાવા માંડશે.

આ પ્રસંગે દિકરી જેની વિદાય થઇ રહી છે, તેની હાલત સમજવી તો ખૂબ અઘરી છે. એક તરફ માતા-પિતા, ભાઇ-બહેન, સખીઓ, મિત્રો, બાળપણ-યુવાનીની યાદોથી છલકાતું મન, તો બીજી તરફ, પ્રિયતમ(પતિ) અને એની સાથે જોડાયેલા નવા સંબંધો નિભાવવાની જવાબદારીમાં ગૂંથાતું અને મૂંઝવાતું મન. એની આંખના આંસુ પોતાના લોકોથી છુપાવવાની વ્યેથ કોશિશ. મા-બાપને સાંત્વના આપતાં-આપતાં પોતે જ વેર-વિખેર થવા માંડે. સામે ઊભેલાં ભાઇ-બહેનના ચહેરા જોઇને બાળપણની બધી જ યાદો જાણે ફ્લેશબેકમાં ચાલુ થવા માંડે. મિત્રો અને સખીઓને જોઇને કંઇક છૂટતું હોવાનો અહેસાસ થાય.

આ પ્રસંગે ફક્ત દિકરીનાં પિયરવાળા જ નહીં પણ સાસરીપક્ષની સ્ત્રીઓને પણ પોતાના વિદાયપ્રસંગની યાદ આવી જાય અને આંખો છલકાવા માંડે.

દિકરીની મા, ભાઇ-ભાંડુ બધાં મોકળા મને રડી લે, પણ દિકરીનો બાપ એની વેદના છુપાવવાની કોશિશ કર્યા કરે. કારણ ફક્ત એટલું જ કે, દિકરીની વિદાયમાં એને ઉદાસી કે તકલીફની ભેટ ના આપવી પડે. પણ આ જ વેદના એના અંતરને કોરી ખાય અને એ મનોમન મૂંઝાયા કરે. દિકરીની વિદાયનો પ્રસંગ ઉકેલાય પછી એકાંત શોધીને અથવા દિકરીના ઓરડામાં જઇને પોતની વેદનાનો ઉભરો ઠાલવે.

આ બધું લખતાં મારૂં મન પણ અત્યારે કંઇક આ પ્રકારની લાગણી અનુભવી રહ્યું છે, કારણ હું પણ વિદાયની વેદનાને અનુભવી ચૂકેલી એક દિકરી છું અને ભગવાને મને પણ એક સુંદર દિકરીની ભેટ આપેલ છે જેની વિદાયની વાત વિચારતાં મારું મન કંપી ઉઠે છે.

કોઇકે સાચું જ કહ્યું છે કે. "દિકરી એ સાપનો ભારો નહી પણ બે કુટુંબને જોડતી કડી છે કડી."

પ્રકૃતિ શાહ "પ્રીત"

શીર્ષક કન્યાવિદાય

ભારતીય સંસ્કૃતિના કરુણ પ્રસંગોમાં કન્યાવિદાય આગવું સ્થાન ધરાવે છે. કોઈના મૃત્યુ પ્રસંગે પણ ન રડનાર પાષાણ□દય વ્યક્તિ પણ કન્યાવિદાય વખતે પોતાની આંખના ખૂણા ભીના કરી દે છે.

લાડકોડથી ઉછરેલી કન્યા જ્યારે લગ્નના માંડવેથી પોતાના સ્વજનોથી વિદાય લે છે ત્યારે શહેર હોય કે ગામડું દરેક વ્યક્તિ ભાવુક બની જાય છે.

ઘણા લગ્નોમાં હાજરી આપું છું પણ કન્યાવિદાય પ્રસંગે હું આડોઅવળો થઈ જાઉં છું પણ આવું દરેક વખતે ન કરી શકો.

મને આજે પણ એક કન્યાવિદાય પ્રસંગ યાદ છે. આજથી ઠીક ઓગણીસ વર્ષ પહેલાંના કન્યાવિદાય પ્રસંગનો હું સાક્ષી બન્યો છું. કન્યા પોતાના પિતાને વળગીને રડી રહી હતી. બેકગ્રાઉન્ડમાં શરણાઈના સુર રેલાઈ રહ્યા હતા, જેનાથી વાતાવરણન ભારેખમ બની ગયું હતું. આખું ગામ હીબકે ચડ્યું હતું. હું મારી આદત પ્રમાણે પોતાને રડવાથી બચાવવા ઉંડા શ્વાસ લઈ રહ્યો હતો.

ઘણીવાર સુધી મજબુતીથી પોતાની ભાવનાઓ સાથે જંગ લડ્યો પણ જેવું બેકગ્રાઉન્ડમાં ગીત વાગ્યું,

" બેના રે.... સાસરિયે જાતા જો જો પાંપણ ના ભીંજાય , દીકરી તો પારકી થાપણ કહેવાય"

અને હું ભાવનાઓ સામેનો જંગ હારી ગયો અને મારી આંખના ખૂણા ભીના થવા લાગ્યા.

મારા મિત્રે મને કોણી મારી અને કહ્યું," એ ભાઈ તું વરરાજા છે, તું રડીશ નહી." તેણે આપેલો રુમાલ હાથમાં લઈને હળવેથી કોઈ જોઈ ન જાય તેમ આંખ લુછી દીધી.

મારા સસરા કદાચ જોઈ ગયા હતા. આવા કરુણ પ્રસંગે પણ તેમની એક આંખ જાણે હસી રહી હતી.

જ્યોતિન્દ્ર મહેતા

શીર્ષક : રણકતું ઘર સુનું

સુશાંતસિંહના બાપુજીને અવસાન થયાને સાત વર્ષ થયાં હતાં. આજ દિન સુધી ત્રણ નાની બહેનો અને એક નાનો ભાઈમાંથી બે બેનનાં લગ્ન કરાવીને તેમને સાસરે વળાવી દીધી હતી. હવે ફક્ત નાની બેન અને ભાઈના જ લગ્નના કરવાનાં બાકી હતા. પણ એ ભાઈ બહેનોમાં સુશાંતસિંહને નાની બહેન રૂપલ ખૂબ લાડકી હોય છે.

કાયમ એના મનમાં થતું,"બે બે બહેનોના લગ્ન કરાવીને વિદાય આપતાં ઘર ધીમે ધીમે સુનું થતું ગયું. હવે નાની બહેન પરણીને સાસરે જશે એટલે ઘર તો સાવ સુનું થઈ જશે."

આ વિચારી તે આકુળવ્યાકુળ થઇ જાય છે. ગુસ્સામાં તે પગથી જમીન પર લાત મારે છે.

સુશાંતસિંહની બેન રૂપલ કહે," ભાઈ, બંને મોટીબેન લગ્નમાં પોક મૂકીને રડ્યો હતો. પણ જોજે એ રીતે મારા લગ્નમાં કન્યા વિદાય વખતે પોક મૂકીને રડતો નહી.ભાઈ, મને હસતાં હસતાં વિદાય કરજે."

એક દિવસ નાની લાડકી બહેન રૂપલના લગ્નપ્રસંગનો દિવસ આવ્યો. રૂપલની કન્યાવિદાય આવતાં પહેલાં સુશાંતસિંહ મંડપની બહાર નીકળી જાય છે. મંડપની બહાર બેસીને એક ખૂણામાં ધ્રુસકે ધ્રુસકે રોવે છે. ખીસ્સામાંથી રૂમાલ કાઢીને લૂછે છે. છતાં, આંખો ભીની રહે છે. થોડીવાર પછી મોં ધોઈને તે બહેન વિદાય પ્રસંગે પહોંચી જાય છે.

સૌને મળીને હસતાં હસતાં વિદાય લેતી રૂપલ જ્યારે તેના ભાઈ સુશાંતસિંહ મળે છે. અને કહે છે," તું બહાર જઈને રોઈ આવ્યો ને.! તારી નાની બહેનને ભાગીદાર પણ ના કરી."

એ સમયે ભાઈ સુશાંતસિંહની આંખમાંથી ચોધાર આંસુ નીકળી પડે છે. એને રોતી જોઈને બહેન પણ ભાઈને ખભે પોક મૂકે રોવે છે. સુશાંતસિંહ એના માથા ઉપર હાથ મૂકી ને શાંત થવા કહે છે.

બેનનાં વિદાય પછી સુશાંતસિંહ ઘરમાં પ્રવેશતાં ફસડી પડે છે.

'મન'

મનોજકુમાર પંચાલ

# ઈડર તાલુકાના ઉમેદપુરા ગામને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો

સાબરકાંઠા સમાચાર બ્યુરો

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લામાં તા.૨૧ એપ્રિલ ૨૦૨૦ ના રોજ કોરોનાનો પોઝીટીવ એક કેસ નોંધાતા જિલ્લા કલેકટર શ્રી સી.જે પટેલ તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.જેમાં COVID-19 નો કેસ મળી આવેલ ઈડર તાલુકાના ઉમેદપુરા ગામનો યુવાન મહેસાણા ખાતે કોવિડ-૧૯ અંતર્ગત ફરજ બચાવતો હતો. જેનો કોવિડ-૧૯ રીપોર્ટ તા. ૨ મે ૨૦૨૦ ના રોજ પોઝીટીવ આવતા આ યુવાન તા.૨૯ એપ્રિલથી પોતાના વતન ગામથી અવર-જવર કરતો હોઇ કોરોના સંક્રમણનો ખતરો હોઇ ઉમેદપુરા ગામના વિસ્તારને C O V I D - 1 9 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્ક્રીનીગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૬મી મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

# પ્રાંતિજ તાલુકાના માઢા ગામ અને સાંપડ ગામ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો

સાબરકાંઠા સમાચાર બ્યુરો

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં તા.૧૮ અને ૨૧ એપ્રિલ ૨૦૨૦ ના રોજ કોરોનાનો પોઝીટીવ એક-એક કેસ નોંધાતા.ગાઇડ લાઇન મુજબ તે પોઝીટીવ દર્દીનો છેલ્લો નેગેટીવ રીપોર્ટ આવ્યા બાદના ૨૮ દિવસ સુધી કન્ટેન્મેન્ટ ઓપરેશન ચાલુ રાખવા સૂચના મળેલ છે. જિલ્લા કલેકટર શ્રી સી.જે પટેલ તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. COVID-19નો પોઝીટીવ કેસ પ્રાંતિજ તાલુકાના મોયદ માઢા અને સાંપડ ગામમાંથી મળી આવેલ હોઇ આ ગામને C O V I D - 1 9 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ વિસ્તારમાં બહારનુ કોઇ વાહન જઇ શકશે નહી કે પ્રવેશી શકશે નહી અને વાહન બહાર લઈ જવા માટે તેને ડિસઈનફેક્ટેડ કર્યા બાદ જ લઈ જઈ શકાશે. તા. ૧૫ એપ્રિલ ૨૦૨૦ના કોઇ આદેશોથી આપવામાં આવેલી છુટછાટ આ વિસ્તારને લાગુ પડશે નહી. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, આ વિસ્તારમાંથી આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૫ મી મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)






# સરકાર ઉદ્યોગ વિધવા પેન્શન આપશે?

આ ચાઈના માં લોકો ફેક્ટરી સળગાવવા લાગ્યા છે. સરકાર દ્વારા લોક ડાઉન માં ખેડૂત,મજૂર,ગરીબ,વિધવા,બેંક બધા માટે પેકેજ જાહેર કરે છે. જરૂરિયાત પ્રમાણે તેમના ખાતામાં રકમ ઢ્ક્ દ્વારા કરવામાં આવે છે. આ દેશમાં એક માત્ર એકલો અટૂલો કોઈ જીવતો હોય તો ઉદ્યોગકાર છે. જેણે આ સમયમાં બાકી રહેલા કામદારોને જમાડવાનું,આજુબાજુ ગરીબોનું ધ્યાન રાખવાનું,પગાર કરવાનો આ બધું કાર્ય પછી કલેકટર પાસે ઉદ્યોગ ચાલુ કરવા મંજૂરી લેવા ભટકવાનું. કોઈ દુકાનદાર ને દુકાન સેનીટાઈસ કરવાનો ઓર્ડર આપ્યો? કોઈ પેટ્રોલ પંપ વાળાને આવનાર લોકોને થર્મલ ટેમ્પ.માપવાનું કહ્યું ? (આપને શું ડોકટર છીએ) કામદારોને લાવવાની જવાબદારી અને વ્યવસ્થા આપને કરવાની,૩૦ થી ૫૦ % વર્કરો થી યુનિટ ચલાવવાનું , બપોરે જમાડવાની વ્યવસ્થા પણ આપણે કરવાની. આ બધું કર્યા પછી પ્રોડક્શન કેટલું થશે અને તે શું ભાવે પડતર થશે તે ખબર નથી ક્યાં વેચશું તે પણ ખબર નથી. આજે સમાચાર આવ્યા છે કે જિલ્લા વાઈસ આઠ - આઠ ટીમો બનાવી છે તપાસ કરશે કે આ બધું પાલન થાય છે કે નહિ.

સરકાર જો સ્જીસ્ઈ માટે કોઈ ચોક્કસ રાહત ટૂંકા સમયમાં જાહેર નહિ કરે તો ઉદ્યોગો ને મરતા વાર નહિ લાગે. આપણા દેશમાં ઉદ્યોગોના વિવિધ સંગઠનો દ્વારા કેન્દ્ર સરકાર પાસે ખૂબ રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ કોઈ પરિણામ દેખાતું નથી જે ઉદ્યોગ જગતમાં નિરાશા જન્માવે છે.

રાજ્ય સરકાર પણ આમાં એવુજ કાર્ય કરી રહી છે. સ્ૐછ ની પોલીસી નો અમલ કલેકટર પર છોડી મનઘડત અર્થઘટન થકી ઉદ્યોગોને થકવી દીધા છેં. કોઈ વ્યક્તિ દવા લેવા મોટર સાયકલ પર જઈ શકે પણ ફેક્ટરી માં કામ કરવા માટે પાસ પણ ના મળે અને ૫૦૦ રૂ. દંડ થાય આ કોઈ લોકશાહીની ચૂંટાયેલી સરકાર છે કે અધિકારીઓ દ્વારા ચાલતી સરકાર !! વિજયભાઈ અમે તમને વોટ આપ્યો છે આ અધિકારીઓ ને નહિ કે જેઓ મનઘડત નિર્ણયો લઈ ને ઉદ્યોગ જગતને આવા કપરા સમયમાં મુશ્કેલી ઊભી કરી રહ્યા છે. કોઈ જિલ્લા માં ઉધોગોનો માલિક અરજી કરે તો જ તેને ઉદ્યોગ ચાલુ કરવાની મંજૂરી મળે ભાડુઆત અથવા બીજાને નહિ. હજુ ઉદ્યોગ ચાલુ કર્યા પછી કેટલા વર્કરો ટકશે એ પણ એક પ્રશ્ન છે. આ વિષમ પરિસ્થિતિમાં ગુજરાતના ઉદ્યોગસાહસિકોએ એક થઈને રજૂઆતો કરવી પડશે ,બધા ચેમ્બરો , ફેડરેશનો , એસોસિયેશ નો એક સાથે તેમની રજૂઆતો નહિ કરે તો સરકાર ઉદ્યોગને દૂઝતી ગાય સમજે છે અને તે કારણોસર આપણે સહન કરતા રહેવાનું છે તે નક્કી છે. દેશના અર્થ તંત્રમાં એક્સપોર્ટ અને ઘરેલુ ઉત્પાદન માં હંમેશા મોખરે રહેલા સાથે સરકારી રેવન્યુ માં મુખ્ય ફાળો આપનાર આજે સંકટમાં છે સરકારમાં કોઈ સંભાળનાર ના હોય નિસહાય બની ગયો છે. આજ પરિસ્થિતિ ચાલુ રહી તો ઉદ્યોગ ના મરણ પછી સરકાર કદાચ આપણને વિધવા પેન્શન યોજનાનો લાભ આપે તો સારું? અજીત શાહ|||સેક્રેટરી એફ.આઈ.એ.

# કન્ટેનટમેન્ટ ઝોનમાં આવતા ૪૫૨ ઘરોનો હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરાયો

સાબરકાંઠા સમાચાર બ્યુરો

સાબરકાંઠા જિલ્લામાં COVID-19ના ત્રણ પોઝીટીવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી હતી. જિલ્લામાં નોંધાયેલા ૩ કેસ સાજા થઈ ઘરે પરત ફર્યા છે. પરંતુ જિલ્લાના ઇડર તાલુકાના ઉમેદપુરા ગામના યુવાન મહેસાણા ખાતે કોવિડ-૧૯ અંતર્ગત ફરજ બજાવી રહ્યા હતા. જેમનો કોવિડ-૧૯નો રીપોર્ટ તા. ૨ મે ના રોજ પોઝીટીવ આવતા તેમના વતન ગામ ઉમેદપુરાને કન્ટેનટમેન્ટ ઝોન જાહેર કરાયો. સાબરકાંઠા જિલ્લાના ઇડરના ઉમેદપુરાના વતની છે જે હાલ કોવિડ-૧૯ અંતર્ગત મહેસાણા ખાતે જ રહીને ફરજ બજાવી રહ્યા હતા. પરંતુ અંગત કારણોસર તા. ૨૯ એપ્રિલના રોજ વતનની મુલાકાત લીધી હોઈ રોગના સંક્રમણની શક્યતા હોઈ ગામને કન્ટેનટમેન્ટ ઝોન જાહેર કરી સરવે હાથ ધરાયો હતા. આ સરવેમાં ગામના ૪૫૨ ઘરોનો સરવે આરોગ્યની રેપિડ રીસ્પોન્સની ૧૦ ટીમો દ્વારા ૧૮૫૪ લોકોની ચકાસણી કરાઇ હતી. યુવાન પોતે કોવિડ-૧૯ ની ગંભીરતા સમજતા હોઇ તેઓ તેમના ઘરના સભ્યો સીવાય કોઇના સંપર્કમાં આવ્યા નથી.જેથી તેમના ઘરના બે સભ્ય અને એક ડ્રાઈવરને હોમ કોરન્ટાઇન કરવામાં આવ્યા, જયારે યુવાનના વૃધ્ધ દાદા-દાદીને વધુ કાળજીની જરૂર લાગતા હિંમતનગરની કોવિડ-૧૯ મેડિસ્ટાર હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. પરીવારના કોઇ સભ્યોમાં હાલ કોવિડ-૧૯ના કોઇ લક્ષણો નથી. નાગરીકોને આરોગ્યલક્ષી સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ થાય તે માટે જિલ્લાના કંટ્રોલરૂમ નં.૦૨૭૭૨-૨૪૬૪૨૨ ઉપર ફોન કરી કોરોના વાયરસ અંગે માહિતી મેળવી શકાશે. ઉપરાંત તમામ તાલુકા ખાતે તૈયાર કરવામાં આવેલા કંટ્રોલરૂમ પરથી પણ માહિતી મેળવી શકાશે .

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

### મોડાસાના માલપુર રોડની સોસાયટીઓમાં

# આરોગ્ય સેતુ એપમાં કોવિડ-૧૯ પોઝિટિવ કેસ બતાવતા તર્ક-વિતર્ક

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ગુજરાતમાં સતત વધી રહી છે. કોરોના વાયરસને ફેલાવવાથી રોકવા માટે કેન્દ્ર અને તમામ રાજ્યોની સરકાર દ્વારા દરેક જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને નાગરિકોને કોવિડ-૧૯ના સંક્રમણથી બચવા 'આરોગ્ય સેતુ' એપ ડાઉનલોડ કરવા પણ ભલામણ કરી હતી.મોડાસા શહેર સહીત જિલ્લામાં હજ્જારોની સંખ્યામાં લોકોએ "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરી છે પણ હવે આ એપ્લિકેશનમાં કોરોના પોઝિટિવની ખોટી માહિતી બતાવતાં મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કેટલીક રહેણાંક સોસાયટીઓમાં ડરનો માહોલ છવાયો છે.જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માએ મોડાસાના માલપુર રોડ પર કોરોના પોઝેટીવનો દર્દી ન હોવાનું જણાવ્યું હતું . "આરોગ્ય સેતુ" એપ યુઝરને કોરોનાના લક્ષણ છે કે નહી તે બતાવે છે. ઉપરાંત, એપ યૂઝર્સ, જો કોઈ કોરોના સંક્રમિત લોકો પાસેથી પસાર થાય કે કોરોના લક્ષણ ધરાવતો વ્યક્તિ યુઝર્સની આસપાસ હોય તો તેની જાણકારી પણ નોટિફિકેશન દ્વારા મોકલે છે. પરંતુ હવે આ એપને લઈ એક ચોંકાવનારી ખબર સામે આવી છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીક આવેલી રચનાપાર્ક, મોતીસાગર, જલવિહાર, જલદર્શન સહિતની સોસાયટીઓ "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરનાર લોકોમાં છેલ્લા બે દિવસથી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરનાર લોકોના મોબાઈલમાં એક યુઝર્સ ડાયગ્નોસિસ કોવીડ-૧૯ પોઝેટીવનું નોટિફિકેશન બતાવતા લોકોમાં ડરનો માહોલ બની ગયેલ છે પરંતુ નવાઈની વાત તો એ છે કે તંત્રને એની જાણ પણ નથી. ટેક્નોલોજી નિષ્ણાતના જણાવ્યા અનુસાર, કોઈએ આરોગ્ય સેતુ એપમાં ખોટી માહિતી ભરી હોય તો આવું બની શકે છે

# અરવલ્લી જીલ્લા કલેક્ટરે કન્ટેઈનમેન્ટ એરિયાની મુલાકાત લઈ તંત્ર ગ્રાઉન્ડ પર હોવાનો કરાવ્યો અહેસાસ



અરવલ્લી બ્યુરો મોડાસા

કૉરોના વાઈરસને લઈને સમગ્ર વિશ્વ જાણે હચમચી ગયું છે, સરકાર દેશને ફરી બેઠું કરવામાં લાગી ગયું છે, પણ જ્યાં સુધી તંત્રના અધિકારીઓ ગ્રાઉન્ડ પર ન જાય ત્યાં સુધી બધુ નકામું બની જાય તેવું લાગતું હતું. અરવલ્લી જિલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાનું પૉલિસ તંત્ર લૉક ડાઉન શરૂ થયાના પ્રથમ દિવસથી જ જિલ્લાની જનતાનો વિચાર કર્યો હતો અને ગ્રાઉન્ડ પર જઈને તાગ મેળવવાની કામગીરીમાં લાગ્યું હતું, પણ જિલ્લા વહીવટી તંત્ર અત્યારસુધી ક્વોરન્ટાઈન હતું. હવે તંત્રના ઉચ્ચ અધિકારીઓને અચાનક જિલ્લાના રેડ ઝોનનો વિચાર આવતા જ કન્ટેઈનમેન્ટ વિસ્તારોની મુલાકાત લેવાનો વિચાર આવ્યો. અરવલ્લી જિલ્લા કલેક્ટર મેઘરજના કન્ટેઈનમેન્ટ વિસ્તાર એવા ગાયવાછરડા ગામની મુલાકાત લીધી હતી, જ્યાં અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી કે જેઓ પહેલેથી જ કૉરોના વાઈરસને લઈને સક્રિય છે તેઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમની સાથે આરોગ્ય વિભાગ પણ હતું. જિલ્લા કલેક્ટર અચાનક ગાયવાછરડા ગામે પહોંચી કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં નિયમોનું પાલન થાય છે કે, નહીં તેનો ચિતાર મેળવ્યો હતો.

ગુજરાતમાં કૉરોનાના પૉઝિટિવ કેસ ઘણા જ નોંધાયા છે પણ જ્યાં સુધી ગ્રાઉન્ડ કક્ષાએથી કામ કરવામાં ન આવે ત્યાં સુધી ખ્યાલ આવી શકતો નથી. તેનો અનુભવ અન્ય જિલ્લાના કલેક્ટર કરી ચૂક્યા છે અને મોટા ભાગના કલેક્ટર જાતે જ ગ્રાઉન્ડ લેવલે કામ કરીને કૉરોના સામે જંગ લડવા કર્મચારીઓના ખભે ખભા મિલાવીને કામ કરે છે, જે હવે અરવલ્લી જિલ્લામાં શરૂઆત થઈ હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે,પણ ક્યાં સુધી આ ચાલશે તે કદાચ કહેવું મુશ્કેલ છે. ભિલવાડા પ્રાંત અધિકારી અને આઈએએસ ટોપર ટીના ડાભી જે રીતે કામ કરીને ભિલવાડામાંથી કૉરોનાના વધતા કેસ અટકાવવામાં જે જહેમત ઉઠાવી છે તે આપણા જિલ્લામાં કરી હોત તો કદાચ આવી સ્થિતિ ન હોત તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

કૉરોના વાઈરસનો પૉઝિટિવ કેસ ચૌદ દિવસમાં ફરી નોંધાતા જિલ્લાને રેડ ઝોનમાં મુકી દેવાયો હતો પણ તંત્રને તેની ચિંતા જરાય નહોતી. જિલ્લાના વિવિધ કન્ટેઈનમેન્ટ એરિયામાં નિયમોનો ધજાગરા ઉડાડીને લોકો કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા હતા, તંત્રના કાને તેનો રણકાર થતાં કન્ટેઈનમેન્ટ વિસ્તારની મુલાકાત લીધી, જ્યાં અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને કન્ટેન્મેન્ટ વિસ્તારમાં નિયમોનું પાલન થાય છે કે નહી તેની માહિતી મેળવી હતી.

કહેવાય છે કે દેર આયે દુરસ્ત આયે.વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ આખરે મોડે મોડે જાગીને એ.સી.ચેમ્બરમાંથી બહાર ડોકાયા અને કૉરોનાનો તાગ મેળવવા કન્ટેઈનમેન્ટ એરિયા ની મુલાકાત કરી હતી. જો આવું પહેલા કદાચ કરવામાં આવ્યું હોત તો આવી નોબત ન આવી હોત તેનું નિષ્ણાતો પણ માની રહ્યા છે. લૉક ડાઉનમાં એ.સી.ચેમ્બરમાં આરામ બાદ મે મહિનાના પ્રચંડ તાપમાં અધિકારીઓએ ટ્વેન્ટી ટ્વેન્ટી ઈનિંગ રમવાનો વારો આવ્યો છે.

### પરપ્રાંતીય શ્રમિકોનું ઘાતકી રૂપ

# શામળાજી પોલીસ પર પથ્થરમારો સાથે લોંખડના સળિયાના હથિયાર વડે હુમલો



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાએ ચારે તરફ કહેર મચાવ્યો છે. જેના કારણે લૉકડાઉન લંબાવવામાં આવ્યું છે. શામળાજી નજીક શેલ્ટરહોમ માં રાખવામાં આવેલા શ્રમિકોએ વતનમાં જવાની માંગ સાથે પોલીસ કર્મીઓ પર પથ્થરમારો કરવાની સાથે પોલીસકર્મીઓ પર લોંખડના સળિયાના હથિયારો બનાવી ઘાતકી હુમલો કરતા ૩ પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હતી પરપ્રાંતીય શ્રમિકોએ શેલ્ટરહોમમાં અને વાહનોમાં તોડફોડ મચાવતા જિલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ કાબુમાં લીધી હતી ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા શામળાજી પોલીસે ૧૫ પરપ્રાંતીય શ્રમિકો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . અરવલ્લીમાં શામળાજી,મોડાસા,ભિલોડા સહિત અનેક જગ્યાએ અંદાજે ૯૦૦ જેટલા શ્રમિકોને આશ્રય આપવામાં આવ્યો છે. શામળાજી પાસેના શેલ્ટર હાઉસમાં રખાયેલા શ્રમિકોએ વતન જવાની માંગ સાથે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં ત્રણ પોલીસ કર્મીઓ ઘાયલ થતા પોલીસતંત્રમાં ભારે ચકચાર મચી છે

શામળાજી પોલીસે પોલીસકર્મી દિનેશકુમાર બદાજીની ફરિયાદના આધારે ,૧ ) સુલેમાન મહમંદઅહેમદ મુગલ, ૨ ) મોહંમદ રફીક અબરાર મુગલ સુવાર, ૩ ) વજીર અનાબાર અંસારી,૪)ગુલહસન મહેમુદહસન મનસુરી, ૫ ) મહંમદજુનેદ મહમદ જુબેર તુર્ક ,૬)નાસીર સાતીરહુસેન તુર્ક,૭)નાદીર જાવેદ સૈયદ,૮)રોહીત શ્રીશિવરામ સીગ શંખવાર,૯ ) શ્યામબાબુ ક્રપાલસિંહ વિશનસિંહ કુશવાહ,૧૦ ) સુનિલ એબરનસીગ કહેરીયા,૧૧ ) કલ્લુ રામનરેશ કટેરીયા, ૧૨ ) કમલેશકુમાર કામતાપ્રસાદ નિસાદ,૧૩ ) આદેશકુમાર રામપ્રકાશ,૧૪) તૂફાનીલાલ રામધરસ કેવટ, ૧૫)વિજયસીંઘ બાબુરામ કુશવાહ ( તમામ હાલ રહે, અમદાવાદ , મૂળ રહે, ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ ૩૦૭,૩૩૩,૧૮૬,૧૨૦ બી, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૪૨૭,૧૮૮,૫૦૪, ૫૦૬(૨), નેશનલ ડિઝાસ્ટર એક્ટ અને જીપીએક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી તજવીજ હાથધરી હતી

# ધનસુરા માં કોરોના વોરિયર્સ નું પુષ્પ વર્ષા થી સન્માન કરવામાં આવ્યુ



મોટી ઈસરોલ, તા.૩

ધનસુરા માં કોરોના વોરિયર્સ નું ગામના અગ્રણીઓ અને ગામલોકો ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કોરોના માં કામ કરતા પોલીસ જવાનો અને ગ્રામ પંચાયત ના કર્મચારીઓ પર પુષ્પ વર્ષા કરી સન્માન કરવામાં આવ્યું હતું અને સાથે ગરમી ને લઈ ને ધનસુરા ગ્રામ પંચાયત ના સદસ્ય મનહરભાઈ પટેલ ધ્વારા ૫૦ થેલી છાસ નું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ધનસુરા ના સરપંચ યશવંતભાઈ પટેલ,ધનસુરા મામલતદાર,ગ્રામ પંચાયત ના સદસ્ય મનહરભાઈ પટેલ,અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ,બિહારીભાઈ જોશી, હાજર રહ્યા હતા.હાજર સૌએ જિલ્લા કલેકટર,જિલ્લા પોલીસવડા,જિલ્લા વિકાસ અધિકારી ધનસુરા મામલતદાર,ધનસુરા પી.એસ.આઈ કે.એસ.સિસોદીયા, ધનસુરા તાલુકા વિકાસ અધિકારી સૌનો આભાર માન્યો હતો.

### ભાજપ યુવા મોરચાના ભૂતપૂર્વ મહામંત્રી ડો. નિલમ પટેલ તથા વડોદરાના ધારાસભ્ય

# મનીષાબેન વકીલના સહયોગથી આજે ૪૦ દિવસ બાદ મા દિકરીનું પુનઃ મિલન થતાં હૃદયદ્રાવક દશ્યો સર્જાયા



મતભેદના કારણે દંપતિ અલગ રહે છે. પરંતુ કોર્ટના આદેશના પગલે માતાએ પોતાની છ વર્ષની વ્હાલસોયી દિકરીને તેના પિતા પાસે મોકલી હતી. ત્યાં લોકડાઉન થઈ જતાં દિકરી પિતાને ત્યાં જ રહી ગઈ હતી. બીજી તરફ દિકરી વગર ગુમસુમ બની ગયેલી માતાએ વ્હાલસોયી દિકરીને પરત લાવવા માટે સોશિયલ મીડીયામાં કાકલૂદી કરી હતી. ભાજપ યુવા મોરચાના ભૂતપૂર્વ મહામંત્રી ડો. નિલમ પટેલ તથા વડોદરાના ધારાસભ્ય મનીષાબેન વકીલના સહયોગથી આજે ૪૦ દિવસ બાદ મા દિકરીનું પુનઃ મિલન થતાં હ્રદયદ્રાવક દશ્યો સર્જાયા હતા.

અમદાવાદ શહેરના નિકોલ એસ.પી. રીંગ રોડ નજીક રહેતાં સપના પીઠડિયાના લગ્ન વડોદરા સ્થિત જીજ્ઞેશ પટેલ સાથે થયા હતા. લગ્નગાળા દરમિયાન સપનાબેને દિકરી રાધિકાને જન્મ આપ્યો હતો. દંપતિ વચ્ચે મનમેળ નહી થતાં બંને જણાંએ છૂટાછેડા લીધા હતા. પરંતુ કોર્ટના હુક્મ હતો કે, પિતા દિકરીને સપ્તાહમાં બે દિવસ મળી શકશે. જે મુજબ લોકડાઉન પહેલાં રાધિકાને તેના પિતા જીજ્ઞેશ વડોદરા લઈ ગયા હતા. ત્યાં લોકડાઉન થઈ જતાં રાધિકા પિતા પાસે જ રોકાઈ હતી. બીજી તરફ માતા સપનાબેનને દિકરી વગર ફાવતું નહીં હોવાથી આખરે સોશીયલ મીડીયા પર કાકલુદી કરતી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ વાંચીને ભાજપ યુવા મોરચાના ભૂતપૂર્વ મહામંત્રી ડો. નિલમ પટેલે સંપર્ક કરીને સમગ્ર વ્યથા જાણી હતી.

ત્યારબાદ તેણે વડોદરાના ધારાસભ્ય મનીષાબેન વકીલનો સંપર્ક કર્યો હતો. પરંતુ વડોદરાથી પાસનો પ્રશ્ન સર્જાયો હતો. છેવટે રાજયના ગૃહમંત્રી પ્રદિપસીંહ જાડેજાનો સંપર્ક કરીને અમદાવાદથી પાસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે માદિકરીનું ૪૦ દિવસ બાદ પુન મિલન થતાં સપનાબેન ગદ્દગદિત થઈ ગયા હતા. તેમણે ધારાસભ્ય મનીષાબેન વકીલ તથા ડો. નિલમ પટેલનો આભાર વ્યક્ત કર્યો છે.

# વડગામમાં ધારાસભ્ય દ્વારા જરૂરિયાતમંદ પરિવારો સુધી કરિયાણા કીટ પહોંચાડાઇ

ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ મેવાણી સાહેબ દ્વારા મોકલેલ રાશન કીટ વડગામ તાલુકાના મુમનવાસ ગામે સરપંચશ્રી મોકણજીયા અસરફભાઈ તેમજ ડેપ્યુટી સરપંચ ઈસ્લાઈમભાઈ રાજપુરા ડૉ.પંકજ સત્યપાલ, પરમાર દલાભાઈ ના હસ્તે ગામની દરેક સમાજની વિધવા બહેનો અને લાભાર્થીઓ ને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ મેવાણી સાહેબ ની ટીમ દ્વારા ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું ખરેખર વડગામ ધારાસભ્ય દ્વારા પ્રસંશનીય કામગીરી થી લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો આવી પરિસ્થિતિમાં વડગામ ધારાસભ્ય ખૂબ જ પ્રેરણા દાઈ કાર્ય કર્યું છે મુમનવાસ ગામ વતી સાહેબ શ્રી નો આભાર માનવામાં આવ્યો હતો મુમનવાસ ગ્રામ પંચાયત સરપંચશ્રી તેમજ સભ્યશ્રીઓ દ્વારા પણ આભાર માનવામાં આવ્યો હતો.

# અરવલ્લીના ૧૨૦થી વધુ લોકોએ પરપ્રાંતમાં જવાની મંજૂરી માંગી

કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરાયા બાદ લોકો જ્યાં હોય ત્યાં રોકાઈ જવાનું નિર્ણય કરાયો હતો. ત્યારે લાંબા સમયથી આશ્રયસ્થાનોમાં રહેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજયના લોકોને પોતના વતન જવાની પરવાનગી કેન્દ્ર સરકાર દ્વારા અપાઈ છે. જેને લઈ રાજ્ય સરકાર પણે ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી પેસેન્જર વાહન સાથે પરત ફરવાની છૂટ આપી છે.

જે અંતર્ગત જિલ્લામાં હોય તેવા પરપ્રાંતીય, યાત્રાળુ, વિદ્યાર્થીઓ, પરીવારથી વિખૂટા પડેલા સ્વજન તેમજ વ્યાપારીક હેતુ માટે અન્ય રાજયમાં જવા ઈચ્છતા હોય તેવા લોકોએ www.digitalgujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેની સાથે અરજીમાં પેસેન્જર વ્હિકલ લઈ જવાના હોય તેની વિગત અને સાથે જનારા લોકોના આધારકાર્ડ સહિત અગત્યના પુરાવા જોડવાના રહેશે. આ સાથે અન્ય રાજયમાં જનારા લોકોએ પોતાના સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર નજીકના આરોગ્ય કેન્દ્ર પરથી મેળવીને આ પ્રમાણપત્ર મળ્યા બાદ બે દિવસમાં મુસાફરી શરૂ કરવાની રહેશે. આવા જ અરવલ્લીમાં આશ્રય લઈ રહેલા અન્ય રાજયના ૧૨૦થી વધુ લોકાએ પોતાના વતન જવા માટે ઓનલાઈન અરજી કરી છે.

# જિંદગી જીવદયા અભિયાન પ્રમુખ જૈન યુવા રત્ન દિપકભાઈ મહેતા ની દિલદારી



સુરતુ શહેરમા દુઃખી જીવોના આંશુ પોતાની આંખે વહાવનાર માનવતાના યોધ્ધા એવા જૈન યુવા રત્ન દિપભાઇ મહેતા (જિંદગી જીવદયા અભિયાન સુરત પ્રમુખ) દ્વારા સુરત શહેરના જરૂરમંદ વક્તિ ભોજન પરુ પાડી રહયા છે તથા અનાજ ની કીટ નું વિતરણ કરી રહયા.....ભૂતકાળમાં અનેક સારા-નરસા બનાવો બન્યા, આંદોલનો થયા,વિપ્લવો થયા,ભૂકંપો આવ્યા,વાવાઝોડા ફૂંકાયા ,નદી નાળા ઉભરાયા, છુટા-છવાયા કે પછી સમૂહમાં મહાકાય યુધ્ધો થયાપઆવા અનેક કિસ્સા-કહાનીઓમાં જે તે સમયે નાના મોટા ઈતિહાસ લેખાયા હશેપ!! અને એ ઈતિહાસોમાં અનેક દાનવીરોનીએ પોતાના ખજાનાઓ લોકો માટે ખુલ્લા મૂકી દીધા હશેપ!!! પણ એ તમામ બાબતો જે તે વિસ્તાર કે પછી સીમાડા પુરતી સીમિત લેખાઈ હશેપ!! પરંતુ આજે સમસ્ત વિશ્વમાં કોરોના નામક જે માનવભક્ષી કહેર પ્રસરાય રહ્યો છે, અને દિનપ્રતિદિન કોરોનાનો વધતો સંક્રમણ દેશ,સીમા,જાતી, ધર્મ અને ઊંચ-નીચ જોયા વગર માત્ર માનવ જીવન પર આક્રમણ કરી રહ્યો છે. આ અદ્રશ્ય દુશ્મનને નાથવ માટે વિશ્વના કોઈ પણ ધર્મગુરુ, સુફી, સંત-મહંત,રેસ્નાલીસ્ટ તેમજ વૈજ્ઞાનિકો નિરાધારની જેમ હાથ પર હાથ મૂકી બેઠા છે અને હદ તો એ કહી શકાય કે એક માનવીથી બીજા માનવીને દુર રહેવા છેલ્લીકક્ષાનો અનુરોધ કરવામાં આવી રહ્યો છેપતેમછતાં આવા કપરા સમયમાં અનેક માનવતાના યોધ્ધાઓ દુઃખી જીવોના આંશુ પોતાની આંખે નિસ્વાર્થભાવે વહાવી રહ્યા છે. જેથી આજે જે ઈતિહાસ લેખાઈ રહ્યો હશે એ સમગ્ર વિશ્વનાં ખૂણે-ખૂણેમાં છુપાયેલી કલમો થકી એક જેવો જ પએકી સાથે અને એક જ વિષય પર લેખાય રહ્યો હશે!..સુવર્ણ અક્ષરે લેખાય રહેલા આ ઈતિહાસમાં અમારા પ્રેરણાસ્ત્રોત જૈન યુવા રત્ન એવા જિંદગી જીવદયા અભિયાનના સંચાલક દિપભાઈ મહેતા નું નામ મોખરે રહેશે, કારણ કે અત્યારે જો દિપભાઈ ના સેવાકાર્યો વિશે લખવાનો મક્કમ પ્રયાસ કરીએ તો કદાચ શબ્દોની ઉણપ ઉભી થઈ જાય પરંતુ તેઓના રચનાત્મક કાર્યોની ગાથા પૂરી નહિ થાયપ.!! માટે જ આજના આ શુભ પ્રસંગે સુરત શહેરના જીવદયા પ્રેમી, જૈન સમાજના દરેક કાર્યમાં તત્પર રહેનાર, યુવા, સમાજ તથા રાષ્ટ્રના સુકૃત કાર્ય કરનાર જૈન યુવા રત્ન એવા દિપભાઇ મહેતા દ્વારા સુરત શહેરના જરૂરમંદ વક્તિ ભોજન પરુ પાડી રહયા છે.


આશરે ૫૦૦૦ થી વધું લોકોને જમવાનું પહોંચાડી રહ્યા છે...

દિપભાઇ મહેતા એ સુરત શહેરમાં હજારો લોકો ના દિલ જીતી લીધાં છે...

દિપભાઇ મહેતા દ્વારા સુરત શહેરમાં ૩૬૫ દિવસ અબોલ પશું અને પંખી ની સેવા કરવામાં આવે છે...

તથા દિપભાઇ મહેતા દ્વારા એક સંદેશો જનતા માટે આપ્યો છે કે ઘરમાં રહો સુરક્ષિત રહો.....

# અંબાજીના રિતિક સરગરાની અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠનમાં બનાસકાંઠા જિલ્લા સંગઠન મહામંત્રી તરીકે નિમણૂક કરાવાઈ




બનાસકાંઠા જિલ્લાના શક્તિપીઠ અંબાજી માં વસવાટ કરતા અને યુવા નેતા ની છાપ ધરાવતા રિતિક સરગરા ની અખંડ રાષ્ટ્ર નિર્માણ યુવા સંગઠન માં બનાસકાંઠા જિલ્લા સંગઠન મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠનના રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ રાકેશ ચૌધરી પાલનપુર દ્વારા રિતિક સરગરાની સેવાકીય પ્રવૃત્તિ, ગૌરક્ષા અને સમાજ સેવાથી પ્રભાવિત થઈ અને રિતિક સરગરાને બનાસકાંઠા જિલ્લા સંગઠન મહામંત્રી પદ સોપાયું હતું રિતિક સરગરા કે જે ગુજરાત સહિત ભારતના વિવિધ હિન્દુવાદી અને રાષ્ટ્રવાદી વિચાર ધારા ધરાવતા અનેક સંગઠનો સાથે સંકળાયેલા છે છે ત્યારે રિતિક સરગરા કે જે સમાજ સેવા, ગૌસેવા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરે છે અને આ સેવાકીય પ્રવૃત્તિ થી પ્રભાવિત થઈ પાલનપુરના રાકેશ ચૌધરી કે જે અખંડ રાષ્ટ્રીય નિર્માણ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ છે તેમના દ્વારા રિતિક સરગરાને બનાસકાંઠા જિલ્લા સંગઠન મહામંત્રી તરીકે પદ આપવામાં આવ્યું હતું અને રાકેશ ચૌધરી વધુમાં જણાવ્યું હતું કે હાલમાં હું અને મારા સાથી મિત્રો દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ટૂંક સમયમાં મજબૂત ટીમ ઊભી કરી અને સેવામાં જોડાઈ શું અને તેના પછી ઉત્તર ગુજરાત અને પછી ગુજરાતમાં ટીમ બનાવી અને પૂરા ગુજરાતમાં અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠન ની એક મજબૂત ટીમ ઊભી કરી અને લોકોના મદદ ની પડખે ઊભા રહીને લોકોની મદદ કરીશું તેવું. રાકેશ ચૌધરી રાષ્ટ્રીય અધ્યક્ષ અખંડ નિર્માણ સંગઠન દ્વારા જણાવવામાં આવ્યું હતું..રિતિક સરગરા જોડે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં બનાસકાંઠા જિલ્લામાં અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠનની ટીમને મજબૂત કરી અને કાર્યકર્તાઓમાં જોડી અને એક નવી ટીમ ઊભી કરી અને બનાસકાંઠા જિલ્લામાં પણ જ્યાં અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠન ની જરૂર પડશે ત્યાં અખંડ રાષ્ટ્ર નિર્માણ સંગઠનની પૂરી ટીમ ઊભી રહી અને પોતાની ફરજ અદા કરી અને જે શક્ય હશે તેટલી પોતાના તરફથી મદદ કરીશું તેવું રિતિક સરગરા એ જણાવ્યું હતું.....

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.